५७४४ श्री

सामायक सूत्र.

११/१४ १२८ (अर्थ सहित)

સામાયક, ચૈત્યવંદન વિધિ સાથે અર્થ સહિત તથા
વિવિધ બોલ, પ્રભાતિઆં, ચૈત્યવંદનો, સ્તવનો,
સ્તુતિઓ, જીન નવ અંગી પૂજાના દુહા વિગેરે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
શા. ધોળાદાસ ડુંગરશી.

આવૃત્તિ ૨ જી

પ્રત ૧૦૦૦

અમદાવાદ.
"વિજય પ્રવર્તક" પ્રેસ.

સને ૧૮૯૭. સંવત ૧૯૫૩.

કીં. રૂ ૦-૧-૦

श्री पार्श्वनाथाय नमः

अथ श्री [redacted]

अर्थ सहित.

१ अथ नवकार मंत्र.

નમો અરિહંતાણં—બારગુણે કરી સહીત એવા કર્મના હણનાર અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ.

નમો સિદ્ધાણં—આઠે કર્મનો ક્ષય કરી મોક્ષમાં પહોંચેલા અને આઠ ગુણે કરી સહીત એવા સિદ્ધ ભગવાનને નમસ્કાર થાઓ.

નમો આયરિઆણં—છત્રિસ ગુણે કરી સહીત આચાર્ય ભગવાનને નમસ્કાર થાઓ.

નમો ઉવજ્ઝાયાણં—પચીસ ગુણે કરી સહીત એવા ઉપાધ્યાયજીને નમસ્કાર થાઓ.

નમો લોએ સવ્વ સાહૂણં—લોકની અંદર રહેલા સત્તાવીસ ગુણે કરી વિરાજમાન સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.

એસો પંચ નમુક્કારો—એ ઉપર કહેલા પાંચ નમસ્કાર.

સવ્વ પાવપ્પણાસણો—સર્વ પાપના નાશ કરનાર છે.

મંગલાણં ચ સવ્વેસિં—આ નવકાર મંત્ર સર્વ મંગલીકને વિષે

પઢમં હવઇ મંગલં—પહેલું મંગલ છે.

२ अथ पंचिंदिअ.

પંચિંદિઅ સંવરણો—ફરસ, રસ, ઘ્રાણ, ચક્ષુ, અને શ્રોત એ

પાંચ ઇંદ્રીના ત્રેવિસ વિષય તેના જે બસે બાવન વિકાર તેને રોકવા તે પાંચ ગુણ.

તહ નવવિહ બંભચેરગુત્તિધરો—તથા નવ પ્રકારે શિયલ વ્રતની ગુપ્તિને ધારણ કરવી તે નવ ગુણ.

ચઉવિહ-કસાયમુક્કો—ક્રોધ, માન, માયા, અને લોભ એ ચાર કષાયથી છૂટા થવું તે ચાર ગુણ.

ઇઅ અઠારસ ગુણેહિં સંજુત્તો—એ ઉપર કહેલા અઢાર ગુણે કરી સહિત હોય.

પંચમહવ્વય જુત્તો—જીવહિંસા ન કરવી, જુઠું ન બોલવું, ચોરી ન કરવી, સ્ત્રી સેવન ન કરવું, પરિગ્રહ ન રાખવો, એ પાંચ મહાવ્રતે કરી સહિત હોય.

પંચવિહાયાર પાલણ સમથ્થો—જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તથા વીર્ય એ પાંચ પ્રકારના આચાર પાળવાને સમર્થ હોય તે પાંચ ગુણ.

પંચ સમિઓતિ ગુત્તો—ઇર્યા, ભાષા, એષણા, આદાનભંડ નિક્ષેપણા અને પારિષ્ઠાપનિકા એ પાંચ સમિતિ અને મનોગુપ્તિ, વચનગુપ્તિ, અને કાયગુપ્તિ, એ ત્રણગુપ્તિ એ આઠ બરોબર પાલે એ આઠ ગુણ.

છત્તીસ ગુણો ગુરૂ મજ્ઝ—એ છત્રિસ ગુણે કરી સહીત મારા ગુરૂછે.

३ अथइच्छामि खमासमणो.

ઇચ્છામિ ખમાસમણો—હે ક્ષમા શ્રમણ? હું ઇચ્છુ છું.

વંદિઉંજાવણિજ્જાએ નિસીહિઆએ—પાપ વ્યાપારનો નિષેધ કરીને શરીરની શક્તિવડે વાંદવાને (હું ઇચ્છું છું.)

મથ્થએણ વંદામિ—મસ્તકવડે કરી હું નમસ્કાર કરૂં છું.

४ इच्छकार सुहराइ.

ઇચ્છકાર સુહરાઇ સુહદેવસિ—ઇચ્છાએ કરીને સુખે રાત સુખે દિવસ.

સુખ તપ શરીર નિરાબાધ—સુખે કરી તપ, રોગ રહિત શરીર.

સુખ સંજમ જાત્રા નિર્વહોછોજી—સુખે કરી સંજમ જાત્રા ધારણ કરોછોજી.

સ્વામિ શાતાછેજી ભાત પાણિનો લાભ દેજોજી.

५ अथ इरिया वहिया.

ઇચ્છાકારેણ—ઇચ્છાએ કરી.

સંદિસહ ભગવન્—હે ભગવાન ? આદેશ આપો.

ઇરિયા વહિયં પડિક્કમામિ—માર્ગમાં ચાલતાં જે પાપ થાય તેથી હું નિવર્તુ છું. ત્યારે ગુરૂ કહે પડિક્કમહ (નિવર્તો).

ઇચ્છંઇચ્છામિ પડિક્કમિઉં—પ્રમાણ મારા મનની ઇચ્છાએ પાપને પરિહરવાને ઇચ્છું છું.

ઇરિયા વહિયાએ—માર્ગમાં ચાલતા જીવની.

વિરાહણાએ—વિરાધના થઇ હોય.

ગમણા ગમણે, પાણક્કમણે—જતાં આવતાં કોઇ જીવ ચાંપ્યો હોય.

બીયક્કમણે, હરિયક્કમણે—સુકા લીલાં બીજ ચાંપ્યા હોય તથા લીલી વસ્તુ ચાંપી હોય.

ઓસાઉત્તિંગ પણગદગ--ઠારનું પાણી, કિડીઆરૂ, પાંચવર્ણી સેવાલ નીલફુલ વિગેરે તથા કાચુ પાણી. [જી ચાંપ્યા હોય.

મટ્ટીમક્કડા સંતાણા સંકમણે—માટી કરોળીઆના પડ તથા જા-

જેમેજીવા વિરાહિયા—જે મેં જીવની વિરાધના કીધિ હોય

એગિંદિઆ—એક ઇંદ્રીવાળા તે પૃથ્વી પાણી વીગેરે.

બેઇંદિઆ—બે ઇંદ્રીવાળા કીડા અલસીયાં વીગેરે.

તેઇંદિઆ—ત્રણ ઇંદ્રીવાળા માંકણ કીડી મંકોડા વીગેરે.

ચઉરિંદિઆ—ચાર ઇંદ્રીવાળા માંખી મચ્છર ડાંસ વિગેરે.

પંચિંદિઆ—પાંચ ઇંદ્રીવાળા મનુષ્ય, તિર્યંચ વીગેરે.

અભિહયા—સામા આવતા હણ્યા હોય.

વત્તિયા—ધુડે કરી ઢાંક્યા હોય.

લેસિયા—ભુમી સાથે ભીંતે ઘસ્યા.

સંઘાઇયા—માંહોમાંહે શરીરે શરીર મેળવ્યાં હોય.

સંઘટ્ટિયા—સ્પર્શવડે કરી પીડા કરી.

પરિયાવિયા—પરિતાપ ઉપજાવ્યા હોય.

કિલામિયા—થકવીને મુડદાલ કીધા હોય.

ઉદ્દવિયા—ઉપદ્રવ કર્યા ત્રસવ્યા હોય. [ક્યા હોય.

ઠાણાઓઠાણં સંકામિયા—એક સ્થાનકથી બીજે સ્થાનકે મુ-

જીવિયાઓ વવરોવિયા—આત્મા થકી મુકાવ્યા હોય.

તસ્સમિચ્છામિ દુક્કડં—તે પાપ મારૂં નિષ્ફળ થાઓ.

६ अथ तस्स उत्तरी.

તસ્સ ઉત્તરી કરણેણં—તે પાપ શુદ્ધ કરવાને.

પાયચ્છિત કરણેણં—તે પાપને છેદ કરવાને.

વિસોહી કરણેણં—આત્માને શુદ્ધ કરવાને. [શલ્ય રહીત કરવાને.

વિસલ્લી કરણેણં—આત્માને માયા નિયાણને મિથ્યાત્વ એ ત્રણ

પાવાણું કમ્માણું—પાપ કર્મને.
નિગ્ઘાયણટ્ઠાએ—ટાળવાને અર્થે.
ઠામિકાઉસ્સગ્ગં—કાઉસ્સગ્ગ કરૂંછું.

૭ अथ अन्नत्थ ऊससिएणं.

અન્નત્થઉસસિએણં—નીચે લખેલા આગારેથી બીજે ઠેકાણે ઊંચા શ્વાસ વડે. [વડે, છિંકવડે.
નિસસિએણં, ખાસિએણં, છીએણં—નીચા શ્વાસવડે, ઉધરસ
જંભાઇએણં ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં—બગાસા વડે, ઓડકાર વડે, વા સંચરવાથી.
ભમલિએ, પિત્તમુચ્છાએ—॥૧॥—તમ્મરવડે પિત્તના ઉછાળાથી.
સુહુમેહિં અંગસંચાલેહિં—અંગના સુક્ષ્મ સંચારથી.
સુહુમેહિ ખેલસંચાલેહિં—સુક્ષ્મ થુંક અથવા કફ ગળવા વડે.
સુહુમેહિ દિઠ્ઠિસંચાલેહિં—॥૨॥—સુક્ષ્મ દ્રષ્ટીના સંચાર વડે.
એવમાઇએહિં આગારેહિં—આ પૂર્વોક્ત બાર આગાર આદે લેઇને બીજા આગારેથી.
અભગ્ગોઅવિરાહિઓ—અખંડિત, અવિરાધિત.
હુજ્જમેકાઉસ્સગ્ગો—॥૩॥—મહારે કાઉસ્સગ્ગ થાઓ.
જાવ, અરિહંતાણં, ભગવંતાણં—જ્યાંસુધીઅરિહંતભગવાનના.
નમુક્કારેણં, નપારેમિ—॥૪॥—નમસ્કાર વડે ન પારૂં.
તાવકાયં—ત્યાં સુધી કાયાને.
ઠાણેણં, મોણેણં, ઝાણેણં—સ્થાનકવડે, મૌનપણે, ધ્યાને.
અપ્પાણં વોસિરામિ—આત્માને વોસિરાવુંછું.

૮ अथ लोगस्स.

લોગસ્સઉજ્જોઅગરે—લોકને કેવળ જ્ઞાન વડે ઉદ્યોતના કરનાર.
ધમ્મતિથ્થયરેજિણે—ધર્મ, તીર્થના કરણહાર.
અરિહંતેકિત્તઇસ્સં—કર્મ રૂપ વેરીના હણનારની કીર્તી કરૂછું.
ચઉવીસંપિકેવલી-॥૧॥—એ ચોવીસે કેવળી છે.
ઉસભમજિઅંચવંદે—શ્રી રીખભદેવ તથા અજીતનાથને વાંદું છું.
સંભવ મભિણંદણંચસુમઇંચ—સંભવનાથ, અભિનંદન, તથા સુમતિનાથને.
પઉમપ્પહંસુપાસં, જિણંચચંદપ્પહંવંદે-॥ ૨ ॥—પદમપ્રભુ, સુપાર્શ્વ, રાગદ્વેષના જીતનાર, ચંદ્રપ્રભુને વાંદું છું.
સુવિહિંચપુપ્ફદંતં—સુવધીનાથ, તથા પુષ્પદંત એ બે નામ ધરનારને. [વાસુપુજ્યને.
સિઅલસિજ્જંસ વાસુપુજ્જંચ—શીતળનાથ, શ્રેયાંસનાથ, શ્રી
વિમલમણંતંચજિણં-વિમળનાથ,અનંતનાથ રાગદ્વેષના જીતનારને.
ધમ્મંસંતિંચવંદામિ-॥૩॥—શ્રી ધર્મનાથ તથા શાંતીનાથનેવાંદું છું.
કુંથું અરંચમલ્લિં—કુંથુનાથ, અરનાથ તથા મલ્લીનાથને.
વંદેમુણિસુવ્વયંનમિજિણંચ—મુનીસુવ્રત, તથા નમીનાથ જીનને વાંદું છું.
વંદામિરિટ્ઠનેમિં—અરિષ્ટ નેમનાથને વાંદુછું.
પાસં, તહવદ્ધમાણંચ-॥૪॥—પાર્શ્વનાથ, તથા શ્રી વર્દ્ધમાન સ્વામીને પણ વાંદું છું.
એવંમએઅભિથુઆ—એવી રીતે સ્તવ્યા.
વિહુયરયમલા—જેણે કર્મરૂપ રજ, મેલ ટાળ્યા છે.

પહીણજરમરણા—જેણે જરા અને મરણનાં દુઃખ ખપાવ્યાં છે.
ચઉવીસંપિજિણવરાતિત્થયરામે પસીયંતુ-॥૫॥—એ ચોવીસે તર્થંકર, રાગદ્વેષના જીતનાર મારા ઉપર પ્રસન્ન થાઓ.
કિત્તિયવંદિયમહિયા—સ્તવ્યાં, વાંધા, પુજ્યા.
જેએલોગસ્સઉત્તમાસિદ્ધા—જે લોકોને વિષે ઉત્તમ સિદ્ધથયા.
આરૂગ્ગ બોહિલાભં—રોગ રહીતપણું અને સમક્તિનો લાભ.
સમાહિવરમુત્તમંદિંતુ-॥૬॥—ઉત્તમ પ્રધાન સમાધિ આપો.
ચંદેસુ નિમ્મલયરા આઇચ્ચેસુ અહિયં પયાસયરા—ચંદ્રમાથી અધીક નિર્મલ, સૂર્યથી અધીક પ્રકાશ કરણહાર.
સાગરવરગંભીરા—સમુદ્રની પેઠે ગંભીર.
સિદ્ધાસિદ્ધિંમમદિસંતુ-॥૭॥—એહવા સિદ્ધ મુજને સિદ્ધી દેખાડો.

૧ अथ मुहुपत्तीना ५० बोल.

સુત્રઅર્થતત્વ કરીસદૃહુ. ૧ સમક્તિ મોહની ૨ મીશ્રમોહની ૩ મિથ્યાત્વ મોહની ૪ પરીહરૂં.
કામરાગ ૫ સ્નેહરાગ ૬ દ્રષ્ટીરાગ ૭ પરીહરૂં.
સુદેવ ૮ સુગુરૂ ૯ સુધર્મ ૧૦ આદરૂં.
કુદેવ ૧૧ કુગુરૂ ૧૨ કુધર્મ ૧૩ પરીહરૂં.
જ્ઞાન ૧૪ દર્શન ૧૫ ચારિત્ર ૧૬ આદરૂં.
જ્ઞાન ૧૭ દર્શન ૧૮ ચારિત્ર ૧૯ વિરાધના પરીહરૂં.
મનગુપ્તિ ૨૦ વચનગુપ્તિ ૨૧ કાયગુપ્તિ ૨૨ આદરૂં.
મનદંડ ૨૩ વચનદંડ ૨૪ કાયદંડ ૨૫ પરીહરૂં.

(બાકીના પચીસ અંગના બોલ.)

હાસ્ય ૧ રતિ ૨ અરતિ ૩ પરીહરૂં ડાબે હાથે પડી લેવા.

ભય ૪ સોગ ૫ દુગંચ્છા ૬ પરીહરૂં જમણે હાથે પડી લેવા.
કૃષ્ણલેશ્યા ૭ નિલલેશ્યા ૮ કાપોતલેશ્યા ૯ પરીહરૂં મા
થા ઉપર પડી લેવા. [પડીલેવા.
રસગારવ ૧૦ રિદ્ધિગારવ ૧૧ સાતાગારવ ૧૨ પરીહરૂં મોંઢે
માયાશલ્ય ૧૩ નિયાણશલ્ય ૧૪ મિથ્યાત્વશલ્ય ૧૫ પરી
હરૂં છાતી આગળ પડી લેવા.
ક્રોધ ૧૬ માન ૧૭ પરીહરૂં પુંઠે ડાબે ખભે પડી લેવા.
માયા ૧૮ લોભ ૧૯ પરીહરૂં પુંઠે જમણે ખભે પડી લેવા.
પૃથ્વીકાય ૨૦ અપકાય ૨૧ તેઊકાય ૨૨ નીજયણાકરૂં
ડાબે પગે પડી લેવા.
વાઊકાય ૨૩ વનસ્પતિકાય ૨૪ ત્રસકાય ૨૫ ની રક્ષા કરૂં
જમણે પગે પડી લેવા.

તે મધ્યે સાધુ શ્રાવકને બોલ ૫૦ કહેવા. અને લેશ્યા ૩ શલ્ય ૩ કખાય ૪ એ દસ શિવાય બોલ ૪૦ સાધ્વી શ્રાવિકાને કહેવા.

૧૦ अथ करेमिभंते.

કરેમિભંતે સામાઇયં—હે ભગવંત હું કરૂં છું સમતારૂપ સામાયિક.
સાવજ્જં જોગં પચ્ચક્ખામિ—પાપ સહિત જોગ ત્યાગ કરૂં છું.
જાવ નિયમં—જ્યાં સુધી નિયમને.
પજ્જુવાસામિ—આરાધુ ભક્તિ કરૂં છું ત્યાં સુધી.
દુવિહં—બે ભેદે કરવું નહીં, કરાવવું નહીં તે.
તિવિહેણં—ત્રણ ભેદે તે મન, વચન, કાયા તેણે કરી.

મણેણં વાયાએ કાએણં નકરેમિ નકારવેમિ—મન, વચન, કાયાએ કરીને ન કરૂં તથા ન કરાવું.

તસ્સભંતે પડિક્કમામિ—હે ભગવંત તેથી હું નિવરતું છું.

નિંદામિ ગરિહામિ—નિંદું છું ગુરૂની સાખે ગરહું છું.

અપ્પાણં વોસિરામિ—આત્માને વોસિરાવું છું.

११ अथ सामाइअ वयजुत्तो.

સામાઇઅ વયજુત્તો—સામાયક વૃતે યુક્ત.

જાવમણે હોઇ નિયમ સંજુત્તો—જ્યાં લગી મન નીયમે સંજુક્ત હોય ત્યાં સુધી.

છિન્નઇ અસુહંકમ્મં—અસુભ કર્મને છેદે.

સામાઇય જત્તિઆવારા—॥૧॥—જેટલીવાર સામાયક કરે તેટલીવાર.

સામાઇઅં મિઊકએ—વળી સામાયક કરતી વખતે.

સમણોઇવ સાવઓ હુવઇજમ્હા—સાધુની પેરેજ શ્રાવક પણ હોય.

એએણં કારણેણં બહુસો સામાઇઅં કુજ્જા—॥૨॥—એ કારણ થકી ઘણીવાર સામાયક કરવાં.

સામાયક વિધિ લીધું વિધિ પાર્યું. વિધિ કરતાં જે કોઇ અવિધિ હુઓ હોય તે સવી હું મન, વચન, કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. ॥ દશ મનના, દશ વચનના, બાર કાયાના એવં ૩૨ દોષમાં જે કાંઇ દોષ લાગ્યો તે સવી હુ મન, વચન, કાયાએ કરી તસ્સ મિછામિ દુક્કડં.

૧૨ अथ सामायकना बत्रीश दोष.

દશ મનના.	દશ વચનના.	બાર કાયાના.
વૈરી દેખી રીસ કરે.	કુવચન બોલે.	આસન ચપળ.
અવિવેક ચિંતવે.	હુંકારા કરે.	ચારે દિશાએ જુએ.
અર્થન ચિંતવે.	પાપ આદેશ દીએ.	સાવદ્ય કામ કરે.
મનમાં ઉદ્વેગ ધરે.	લવારો કરે.	આળસ મરડે.
યશની વાંછા કરે.	કલહ કરે.	અવિનયે બોલે.
વિનય ન કરે.	આવો, જાવો કહે.	ઓઠું લેઇ બેસે.
ભય ચિંતવે.	ગાળ બોલે.	મેલ ઉતારે.
વ્યાપાર ચિંતવે.	બાળક રમાડે.	ખરજ ખણે.
ફળનો સંદેહ રાખે.	વિકથા કરે.	પગ ઉપર પગ ચડાવે.
નિયાણું કરે.	હાંસી કરે.	અંગ ઉઘાડું મુકે.
		અંગ ઢાંકે.
		ઉંઘે.

એ સર્વ મળી બત્રીસ દોષ સામાયકમાં અનુપયોગ થકી લાગે છે તે નિવારવાનો ખપ કરવો.

૧૩ अथ सामायकनि विधि.

લેવાની.

૧ પ્રથમ ઉંચે આસને પુસ્તક પ્રમુખ મુકવું.

૨ શ્રાવક શ્રાવિકાએ કટાસણું, મુહુપત્તિ, ચરવળો, લઇ શુદ્ધ વસ્ત્ર, જગ્યા પુંજી કટાસણા ઉપર બેસવું.

૩ મુહુપત્તિ ડાબા હાથમાં મુખ પાસે રાખી જમણો હાથ થાપનાજી સન્મુખ રાખવો.

૪ એક નવકાર ગણી પંચિંદિય કહી ઇચ્છામિખમાસમણ દેઇ ઇરિ-

યાવહિઆ, તસ્સઉત્તરી, અન્નત્થઉસસીએણં કહી એક લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહેવો.

૫ પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક મુહુપત્તિ પડિલેહુ. ઇચ્છં એમ કહેવું.

૬ પછી મુહુપત્તિ તથા અંગની પડિલેહણના પચાસ બોલ કહી મુહુપત્તિ પડિ લેવી. [સંદિસાહુ.

૭ પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન્ સામાયિક

૮ ઇચ્છં વળી ખમાસમણ દેઇ ઇચ્છા૦ સામાયિક ઠાઉં.

૯ ઇચ્છં એમ કહી બે હાથ જોડી એક નવકાર ગણી ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક ડંડક ઉચરાવોજી.

૧૦ પછી વડિલ કરેમિભંતે કહે.

૧૧ પછી ખમાસમણ દેઇ ઇચ્છા૦ બેસણે સંદિસાહુ ઇચ્છં કહી.

૧૨ ખમા૦ ઇચ્છા૦ બેસણે ઠાઉં. ઇચ્છં કહી ખમા૦ ઇચ્છા૦ સઝાય સંદિસાહુ. ઇચ્છં કહી ખમા૦ ઇચ્છા૦ સઝાય કરૂં ઇચ્છં એમ કહેવું.

૧૩ પછી ત્રણ નવકાર ગણી બે ઘડી સઝાય ધર્મ ધ્યાન કરવું.

પારવાની.

૧૪ ખમાસમણ દેઇ ઇરિયાવહિ પડિક્કમવાથી યાવત્ લોગસ્સ સુધી કહેવો. [પડિ લેવી.

૧૫ પછી ખમા૦ ઇચ્છા૦ મુહુપત્તિ પડિલેહુ એમ કહી મુહપત્તિ

૧૬ પછી ખમા૦ ઇચ્છા૦ સામાયિક પારૂં યથા શક્તિ.

૧૭ વળી ખમા૦ ઇચ્છા૦ સામાયિક પાર્યું તહત્તિ એમ કહેવું.

૧૮ પછી જમણો હાથ ચવળા ઉપર અથવા કટાસણા ઉપર થાપી

એક નવકાર ગણી સાગાહ્ય વયજ્જુત્તો કહેવો. [કાર ગણવો.
૧૪ પછી જમણો હાથ થાપના સન્મુખ સવળો રાખીને એક નવ-

૧૪ अथ श्रीजगचिंतामणि.

જગચિંતામણિજગનાહ—જગતના જીવોને ચિંતામણિ રત્ન જેવા અને જગતના નાથ. [વોના રક્ષક.

જગગુરૂજગરક્ખણ—જગતના જીવોના ગુરૂ અને જગતના જી-

જગબંધવજગસત્થવાહ—જગતના જીવોના ભાઇ અને સાધુ પ્રમુખ જગજ્જનના સાર્થવાહ.

જગભાવવિઅક્ખણ—જગતના પદાર્થોના રહસ્ય દર્શાવવાને વિશે વિચક્ષણ. [બિંબ જેનાં.

અઠ્ઠાવયસંઠવિયરૂવ—અષ્ટાપદ ઉપર ભરતેશ્વરે સંસ્થાપિત કર્યાં છે

કમ્મટ્ઠવિણાસણ—જ્ઞાનાવરણાદિક આઠ કર્મોનો કીધોછે વિનાશ જેણે.

ચઉવીસંપિજિણવર—એવા ચોવિશે જિનવર નિશ્ચય.

જયંતુઅપ્પડિહયસાસણ—॥૧॥—વળી કોઇથી નહીં રોકાય એવું સાસનછે જેનું એવા તિર્થંકર દેવો જયવંતા વર્તો ॥૧॥

કમ્મભૂમિહિંકમ્મભૂમિહિં—અસિ, મષી અને કૃષિ રૂપ કર્મથી આજીવિકા ચાલેછે તેને કર્મભૂમિ કહીએ તે કર્મભૂમિના પંદર ક્ષેત્રને વિશે.

પઢમસંઘયણિ—પ્રથમ વજ્રૠષભનારાચ સંઘયણવાળા.

ઉક્કોસયસત્તરિસય—ઉત્કૃષ્ટપણે એકસો સીતેર.

જિણવરાણ વિહરંતલબ્ભઇ—તિર્થંકર દેવો વિચરતા લાભે.

નવકોડિહિં કેવલિણ—નવકોડિ કેવળજ્ઞાની મહારાજા.

કોડિસહસ્સનવસાહુ ગમ્મઇ—નવ હજાર કોડિ સાધુ જિનાગમથી જાણીએ.

સંપઇજિણવર વીસમુણિ—હાલમાં શ્રી મંદિરસ્વામિ પ્રમુખ વી-
સજિનવર અને મુનિ.

બિહુંકોડિહિં વરનાણ—બે કોડિ અને પ્રધાન કેવલજ્ઞાનના ધરનાર.

સમણહ કોડિ સહસ દુઅ—બે સહસ્ત્રકોડિ શ્રમણ સાધુ તે સર્વને.

થુણિજિઅ નિચ્ચ વિહાણિ-॥૨॥—નિત્યપ્રભાતે સ્તવનકરીએ॥૨॥

જયઉસામી જયઉસામી—જયવંતા વર્તો, સ્વામી જયવંતા વર્તો.

રિસહ સત્તુંજિ—સ્વામિ રિષભદેવ શ્રી શેત્રુંજય તીર્થ ઉપર.

ઉજ્જિંત પહુ નેમિજિણ—શ્રીગીરનારજી ઉપર શ્રીનેમિજીન પ્રભુ.

જયઉ વીર સચ્ચ ઉરિમંડણ—સાચોર નગરના આભુષણ રૂપ.
શ્રી મહાવીરસ્વામિ જયવંતા વર્તો.

ભરૂઅચ્છહિં મુણિસુવ્વય—શ્રી ભરૂચશેહેરમાં શ્રીમુનિસુવતસ્વામિ.

મુહરિપાસ દુહદુરિઅ ખંડણ—મુહરિ ગામના નાયક શ્રી પાર્શ્વ-
નાથએ જિનપંચક દુખ અને દુરિતનો નાશ કરનાર. [તિર્થંકરો.

અવર વિદેહિં તિથ્થયરા—બીજા પાંચ મહાવિદેહને વિષે જે

ચિહું દિસિ વિદિસિ જિંકેવિ—ચાર દિશાઓ અને ચારવિદિ-
શાઓ એટલે ખુણાઓમાં જે કોઇપણ. [સંબંધિ.

તીઆણાગય સંપઇઅ—અતિત, અનાગત અને વર્તમાનકાળ

વંદુ જિણસવ્વેવિ—॥૩॥—સર્વ તિર્થંકર દેવને હું વાંદુંછું ॥૩॥

સત્તાણવઇ સહસ્સા, લખ્ખાછપ્પન્ન અઠ્ઠકોડીઓ, બત્તીસ બાસિઆઇં. (પાઠાંતર) બત્તીસય બાસિઆઇં, તિઅલોએ ચેઇએવંદે—॥૪॥—આઠક્રોડ, છપનલાખ સત્તાણું હજાર અને બત્રી-
સેનેબ્યાશી ત્રણલોકને વિષે સર્વ જિનપ્રાસાદ પ્રતે હું વાંદુંછું ॥૪॥

પનરસકોડિ સંયાઇં—પંદરસેં ક્રોડ અને.

કોડીબાયાલ લખ્ખ અડવન્ના—બેતાલીસક્રોડ અઠ્ઠાવનલાખ.
છત્તીસ સહસ અસિઇ (પાઠાંતરં) અસિઆઇં—છત્રીસહ-
જારને એંશી. [પ્રતે હું પ્રણમુંછું. ॥ ૫ ॥
સાસય બિંબાઇં પણમામિ—॥૫॥—શાશ્વતાં જિનબિંબ છે તે

१५ अथ जंकिंचि.

જંકિંચિ નામ તિથ્થં—જે કોઇ નામ તિર્થ હોય.
સગ્ગેપાયાલિ માણુસેલોએ—સ્વર્ગ, પાતાળ, ને મનુષ્ય લોકોમાં.
જાઇં જિણ બિંબાઇં—જે કોઇ જીનેશ્વરની પ્રતિમા હોય.
તાઇં સવ્વાઇં વંદામિ—તે સર્વ પ્રતે હું વાંદુછું.

१६ अथ नमुथ्थुणं.

નમુથ્થુણં અરિહંતાણં—અરિહંતને નમસ્કાર થાઓ.
ભગવંતાણં—॥૧॥—ભગવાનને.
આઇગરાણં—ધર્મની શરૂઆત કરનારને.
તિથ્થયરાણં—તિર્થના કરનારને.
સયંસંબુદ્ધાણં—॥૨॥—પોતાની મેળે બોધ પામેલા છે તેમને.
પુરિસુત્તમાણં પુરિસ સીહાણં—પુરૂષને વિષે ઉત્તમ ને, પુરૂષને
વિષે સિંહ સમાન ને. [રખાને.
પુરિસવર પુંડરીઆણં—પુરૂષને વિષે ઉત્તમ પુંડરીક કમળ સ-
પુરિસવર ગંધહથ્થીણં—॥૩॥—પુરૂષને વિષે ગંધહસ્તી સરખાને.
લોગુત્તમાણં લોગનાહાણં—લોકમાં ઉત્તમને લોકના નાથને.
લોગહિઆણં—લોકના હિત કરનારને.
લોગપઇવાણં—લોકના વિશે દીવા સમાન.

લોગ પજ્જોઅગરાણં-॥૪॥-લોકમાં પ્રકાશ કરનારને.
અભયદયાણં—અભયદાનના આપનારને.
ચક્ખુદયાણં--શ્રુત જ્ઞાનરૂપ ચક્ષુ આપનારને. [પનારને.
મગ્ગદયાણં સરણદયાણં—મોક્ષમાર્ગ, આપનારને, શરણ આ-
બોહિદયાણં-॥૫॥-સમકિત આપનારને. [કરનારને.
ધમ્મદયાણં ધમ્મદેસિયાણં—ધર્મના આપનારને, ધર્મના ઉપદેશ
ધમ્મ નાયગાણં ધમ્મ સારહીણં-ધર્મના નાયકને, ધર્મના સારથીને.
ધમ્મવરચાઉરંત ચક્કવટ્ટીણં-॥૬॥—ધર્મરૂપી ઉત્તમ ચાર પ્રકારના ચક્રવર્તિને.
અપ્પડિ હયવરનાણ દંસણધરાણં—અસ્ખલિત કેવળ જ્ઞાન અને કેવળ દર્શનના ધરનારને.
વિઅટ્ટ છઉમાણં-॥૭॥—ઘાતિકર્મ રહિતને.
જિણાણં જાવયાણં—જિનને જાપકને.
તિન્નાણં તારયાણં—તરનારને, તારનારને.
બુદ્ધાણં બોહયાણં—તત્વના જાણને, તત્વના જણાવનારને.
મુત્તાણં મોઅગાણં-॥૮॥-કર્મથી મુકાયલાને, કર્મથી મુકાવનારને.
સવ્વન્નૂણં સવ્વ દરિસીણં—સર્વ જાણને, સર્વ દેખનારને.
સિવ—ઉપદ્રવરહિત.
મયલ મરૂઅ મણંત મક્ખય—અચળ, રોગરહિત અનંત અક્ષય.
મવ્વાબાહ—સર્વ બાધારહિત.
મપુણ રાવિત્તિ—ફરીથી જેથી પાછા આવવું નથી.
સિદ્ધિગઇનામધેયં—એવી સિદ્ધિ ગતિ છે. નામ જેનું.
ઠાણં સંપત્તાણં—એવા સ્થાનકે પામેલાને.

નમો જિણાણં—જીનને નમસ્કાર થાઓ.
જિઅભયાણં-॥૯॥—ભય જીતનારને.
જેઅઆઇઆસિદ્ધા—જે ભુતકાળને વિશે. મોક્ષે પહોંચ્યા.
જેઅભવિસ્સંતિણાગ એકાલે—જે અનાગતકાળે સિદ્ધ થશે.
સંપઇઅ વટ્ટમાણા—વર્તમાનકાળને વિષે વર્તતા.
સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥—તે સર્વ પ્રતે મન, વચન, કાયા-
યે કરી હુ વાંદુ છું.

૧૭ अथ जावंति चेइ आइं.

જાવંતિ ચેઇ આઇં—જેટલી જીન પ્રતિમા હોય.
ઉડ્ઢે અ—ઉર્ધ્વ લોકને વિષે વળી.
અહેઅ—અધો લોકને વિષે વળી.
તિરિઅ લોએ અ—તિર્છા લોકને વિષે વળી.
સવાઈં તાઇં વંદે—તે સર્વ પ્રતે હુ વાંદું છું.
ઇહસંતો—અંહિ રહ્યો છતો.
તથ્થ સંતાઇં-॥૧॥—ત્યાં તે પ્રતિમા છે તે પ્રતે.

૧૮ अथ जावंतकेवि साहू.

જાવંત કેવિસાહૂ—જેટલા, કોઇપણ સાધુ છે.
ભરહે રવય—પાંચ ભરત, પાંચ ઐરવત.
મહા વિદેહેઅ—પાંચ મહાવિદેહ એ પંદર ક્ષેત્રમાં.
સવ્વેસિંતેસિં પણુઓ—તે સર્વેને નમસ્કાર થાઓ.
તિવિહેણ—મન, વચન, કાયાએ કરીને.
તિદંડ વિરયાણં-॥૧॥—અશુભ ત્રણ દંડથી નિવર્તેલાને.

૧૯ अथ नमस्कार.

નમોઽર્હત્—નમસ્કાર થાઓ અરિહંત ભગવાનને.
સિદ્ધા ચાર્યો—સિદ્ધ ભગવાનને, આચારજ ભગવાનને.
પાધ્યાય સર્વ સાધુભ્ય:—ઉપાધ્યાયને, અને સર્વ સાધુને.

२० अथ उवसग्ग हर स्तवन.

ઉવસગ્ગહરં—ઉપસર્ગનો હરનાર.
પાસં—પાર્શ્વ નામનો યક્ષ છે સેવક જેનો એવા.
પાસંવંદામિ—શ્રીપાર્શ્વનાથ મહારાજને હું વાંદું છું.
કમ્મઘણમુક્કં—કર્મના સમુહથી મુક્તને.
વિસહરવિસ નિન્નાસં—સાપનું ઝેર અતિશયે કરીને નાસ કરનારને.
મંગલ કલ્લાણ આવાસં ॥૧॥—મંગળ અને કલ્યાણના ઘરને.
વિસહર ફુલ્લિંગમંતં—વિખહર ફુલિંગ મંત્રને.
કંઠેધારેઇ—કંઠને વિષે ધારણ કરે.
જો સયા મણુઓ—જે કોઇ માણસ હમેંશાં.
તસ્સ ગહ રોગમારી—તેના ગ્રહ, રોગ, મરકી.
દુટ્ઠ જરાજંતિ ઉવસામં ॥૨॥—દુષ્ટ જરા ઉપશમ પામે.
ચિટ્ઠઉ દૂરેમંતો—એ મંત્ર દૂર રહો.
તુજ્જ પણામોવિ—તમને નમસ્કાર કરવો તે પણ.
બહુફલો હોઇ—ઘણું ફળ આપનાર છે.
નરતિરિએ સુવિજીવા—મનુષ્ય, ત્રિર્યંચ ને વિષે પણ જીવો.
પાવંતિ ન દુખ્ખ દોગચ્ચં॥૩॥—દુ:ખ દારિદ્ર નથી પામતા.

તુહ સમ્મત્તે લદ્ધે,—તમારૂ સમ્યકત્વ દર્શન પામે છતે.
ચિંતામણિ—ચિંતામણિરત્ન.
કપ્પપાય વબ્ભહિએ—કલ્પવૃક્ષની પણ અધિક એવું.
પાવંતિ અવિગ્ઘેણં—વિઘ્નરહિતપણે પામે છે.
જીવા અયરામરંઠાણં ॥૪॥—ભવ્ય જીવો અજરામર સ્થાનકને.
ઇઅ સંથુઓ મહાયસ—એ પ્રમાણે સ્તવ્યો હે ! મહાયશ.
ભત્તિબ્ભર નિબ્ભરેણ—ભકિતના સમુહે પુરણ ભરેલ.
હિઅએણતા—હૃદયે કરીને તે કારણ માટે.
દેવદિજ્જ—હે દેવ આપો.
બોહિં ભવેભવે—બોધીબીજ જન્મો જન્મ.
પાસજિણચંદ-॥૫॥—હે પાર્શ્વ જીણચંદ્ર.

૨૧ अथ जयवीयराय.

જયવીયરાયજગગુરૂ—જયપામો, હેશ્રીવીતરાગ, હેજગત્રય ગુરૂ.
હોઉમમંતુહપભાવઓ—હોજો, મારે તમારા પ્રભાવથી.
ભયવંભવનિવ્વેઓ—હે ભગવંત, ભવનું ઉદાસપણું.
મગ્ગાણુસારિઆઇટ્ઠફલસિદ્ધિ-॥ ૧ ॥—માર્ગાનુસારી પણું ઇચ્છે
લા ફળની સિદ્ધી.
લોગવિરૂદ્ધચ્ચાઓ—લોક વિરૂધનો ત્યાગ.
ગુરૂજણપૂઆ—માતા પિતાદિક સદ્દગુરૂની શેવા.
પરથ્થકરણંચ—વળી પરોપકાર કરવો તે.
સુહગુરૂજોગો—શુદ્ધ ગુરૂનો મેળાપ,

તવ્વયણસેવણા—તેમના વચનની સેવા તે સર્વે. [હોજો.
આભવમખંડા—॥૨॥—જ્યાંસુધી મારે સંસારછે ત્યાંસુધી અખંડ-
વારિજ્જઇજઇવિ—નિષેધ્યુંછે યધ્યપિ.
નિયાણબંધણં—નિયાણાનું બાંધવું.
વીઅરાયતુહસમએ—હે શ્રીવીતરાગ તમારા સિદ્ધાંતમાં.
તહવિમમહુજ્જસેવા—તોપણ મારે હોજો સેવા.
ભવેભવેતુમ્હચલણાણં—જન્મો જન્મના વિશે તમારા ચરણની.
દુખ્ખખ્ખઓ—શરીર અને મન સંબંધી દુઃખનો ક્ષય. [વળી.
કમ્મખ્ખઓસમાહિમરણંચ—આઠ કરમનો નાશ, સમાધી મરણ.
બોહિલાભોઅસંપજ્જઉ—બોધી બીજનો લાભ થાઓ.
મહએઅંતુહનાહ—મારે એ ચાર બાબતો હે નાથ.
પણામકરણેણં—॥૪॥—તમને પ્રણામ કરવે કરી.
સર્વમંગલ માંગલ્યં—સર્વ મંગલીક માંહે મંગલીક છે.
સર્વકલ્યાણકારણં—સર્વ કલ્યાણનું કારણ.
પ્રધાનંસર્વધર્માણાં—સર્વ ધર્મમાં મુખ્ય.
જૈનંજયતિશાસનં—॥૫॥—એવું જૈન સાસન જયવંતુ વર્તે છે.

२२ अथ अरिहंतचेइआणं.

અરિહંત ચેઇઆણં—અરિહંતની પ્રતિમાને.
કરેમિકાઉસ્સગ્ગં—॥૧॥—હું કાઉસ્સગ કરૂંછું.
વંદણવત્તિઆએ—વાંદવાને નિમિત્તે.
પૂઅણવત્તિઆએ—પૂજવાના નિમિત્તે.
સક્કારવત્તિઆએ—સત્કારના નિમિત્તે.

સમ્માણવત્તિઆએ—સન્માનના નિમિત્તે.
બોહિલાભવત્તિઆએ—બોધી લાભના નિમિત્તે.
નિરૂવસગ્ગવત્તિઆએ—ાારાા--જન્મ જરા મરણના ઉપસર્ગથી રહિત મોક્ષરૂપ સ્થાનક પામવાના નિમિત્તે.
સદ્ધાએ, મેહાએ—શ્રદ્ધાએ, નિર્મળ બુદ્ધિએ.
ધીઇએ, ધારણાએ—ચિત્તની સ્થિરતાએ, ધારણાએ.
અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ—વારંવાર વિચાર પૂર્વક ચઢતે ભાવે.
ઠામિકાઉસ્સગ્ગં-ાા૩ાા—હું કાઉસ્સગ્ગ કરૂં છું.

૨૩ अथ चैत्यवंदन विधि.

૧ પ્રથમ ત્રણ ખમાસમણાં દેવાં.
૨ ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ઇચ્છં એમ કહેવું.
૩ પછી ચૈત્યવંદન, જંકિંચિ, પછી બે હાથ જોડી નાસીકા સુધી ઉંચા રાખી નમુથ્થુણં કહેવું.
૪ પછી જાવંતિ ચેઇઆઇં ખમાસણું દેઇ જાવંત કેવિસાહૂ પછી નમોર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ કહી સ્તવન કહેવું.
૫ બે હાથ જોડી માથા સુધી ઉંચા રાખી જયવીયરાય આ ભવ-મખંડા સુધી કહી હાથ જરા નીચા ઉતારી બાકીના રહેલા જયવીયરાય પુરા કરવા.
૬ પછી ઉભા થઇ અરિહંત ચેઇઆણં કરેમિકાઉસ્સગ્ગ અનથ્થ ઉસસિએણં કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.
૭ પછી નમો અરિહંતાણું બોલી નમોર્હત્ સિદ્ધાચાર્યો પાધ્યાય સર્વ સાધુભ્યઃ કહી એક થોય કહેવી.

विविध बोल संग्रह.

१ समकितना ६७ बोल.

૪ સદ્દહણા.	૩ લિંગ.	૧૦ વિનય.	૩ શુદ્ધિ.
૫ દૂષણ.	૮ પ્રભાવક.	૫ ભૂષણ.	૫ લક્ષણ.
૬ જતના.	૬ આગાર.	૬ ભાવના.	૬ સ્થાન.

૪ **સદ્દહણા**—૧ જીવાદિક નવ તત્વનો અભ્યાસ કરવો, વિચાર કરવો. ૨ સાધુ મુનીરાજની શેવા કરવી. ૩ પાસથ્થા, કુશીલીઆ, વેશવીડંબક એવા સમકિતથી ભ્રષ્ટનો સંગ કરવો નહીં ૪ અન્યદર્શની, મિથ્યા દ્રષ્ટીનો સંગ ન કરવો.

૩ **લિંગ**—૧ સિદ્ધાંત=વીતરાગની વાણી સાંભળવાની અતિ અભિલાષા. ૨ ચારિત્ર ધર્મ=વ્રત પચ્ચખ્ખાણ કરવાની અતિ અભિલાષા. ૩ દેવ ગુરૂ પ્રમુખ ઊત્તમ પુરૂષોની સાર સેવા કરવામાં સાવધાન.

૧૦ **વિનય**—૧ અરિહંત દેવનો. ૨ સિદ્ધ ભગવાનનો. ૩ જીન પ્રતિમાનો. ૪ શ્રુત ધર્મનો. ૫ ચારિત્ર ધર્મનો. ૬ સર્વ સાધુનો. ૭ આચાર્યનો. ૮ ઉપા ધ્યાયનો. ૯ ચતુર્વીધ સંઘનો. ૧૦ સમ્યક દર્શનનો.

વિનય=શેવા, ભક્તિ બહુમાન, અતરંગ પ્રેમ, ગુણ ગ્રામ કરવા તથા અવગુણ છોડવા, આશાતના ટાળવી. તેમાં દેવની ૮૪ અને ગુરૂ સંબંધી ૩૩ આશાતના ટાળવી.

૩ **શુદ્ધિ**—૧ મનશુદ્ધિ=વીતરાગનો ભાખ્યો ધર્મ સાર છે બીજું

કઇ સંસારમાં સાર નથી એવો ઉપભાવ તે. ૨ વચન શુદ્ધિ =જીનધર્મ આરાધતાં કલ્યાણ નહીં હોય તો બીજાથી કેમ હોય. કલ્યાણ તો વીતરાગના ધર્મ થકીજ છે બીજાથી કલ્યા ણ નથી એમ કહેવું તે. ૩ કાય શુદ્ધિ=કોઇ છેદો, ભેદો અ- નેક પ્રકારની પીડા ઊપજાવો, પણ વીતરાગ વીના બીજાની આગળ મસ્તક ન નમાવવું તે.

૫ દૂષણ—૧ શંકા=વીતરાગના વચનમાં શંસય કરવો. ૨ કાં- ક્ષા=જીનમત વીના બીજા મતની વાંછા કરવી. ૩ વિચિકિ- ત્સા=ધર્મના ફળ વિષે સંદેહ કરવો. ૪ પ્રશંસા=કુલિંગી, દર્બલિંગી પાખંડી લોકોની પ્રશંસા કરવી. ૫ સંસ્તવ=ઉપર બતાવેલા પાખંડી લોકનો પરિચય કરવો.

આ ઉપર લખેલાં પાંચ દૂષણો સર્વ જણે વર્જવાં.

૮ **પ્રભાવક**—૧ જીનમત પરમતના શાસ્ત્રનો જાણ. ૨ ધર્મ ઉ- પદેશનો દેનાર. ૩ ન્યાયથી વાદ કરનાર. ૪ નિમિત્તનો જાણ. ૫ ક્ષમાવંત નિર્લોભી, તપસ્વી. ૬ વિદ્યા મંત્રનો જાણ હોય. ૭ સિદ્ધ સપન્ન (આકાશ પ્રદેશની વિદ્યાએ સહીત.) ૮ કવિ.

ઉપર કહેલા આઠ જીનમત દીપાવનાર કહીએ. એવા થવાનો ઉદ્યમ કરવો જેથી જીનધર્મ દીપાવવા- માં આવે અથવા એવા પુરૂષોની તેમના સમકીતવં- ત ગુણ જોઇને શેવા કરવી.

૫ **ભૂષણ**—૧ જિન માર્ગને વિષે કુશળ હોય. ૨ જિન શાસ- નની પ્રભાવના=દીપાવવું અથવા વૃદ્ધિ થાય તેમ કરવું. ૩ ગીતાર્થ મુનિરાજ અને તીર્થની શેવા કરવી. ૪ જૈન ધર્મને

વિષે દ્રઢતા રાખવી. ૫ દેવ, ગુરૂ તથા સિદ્ધાંતનો વિનય વૈયાવચ્ચ કરવો.

૫ **લક્ષણ**—૧ ઉપસમ=ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયનું ટાળવું તે. ૨ સંવેગ=મોક્ષના સુખની અભિલાષા રાખવી. ૩ નિર્વેદ=સંસારના દુઃખ થકી ઉદાસ રહેવું. ૪ અનુકંપા=જીવને દુઃખ થકી નિવારણ કરવાની ઇચ્છા અર્થાત સર્વ જીવને વિષે દયા ભાવ રાખવો. ૫ આસ્તિકય=શ્રી વીતરાગે ભાખ્યું તે સત્ય છે જુઠ કાંઇ પણ નથી એવી દ્રઢ આસ્થા રાખવી.

૬ **જતના**—૧ પરતીર્થિકાદિવંદન=અન્યતીર્થિ, અન્યતીર્થિના દેવ તથા અન્યતીર્થિની ગ્રહણ કરેલી પ્રતિમાને વંદન કરવું નહીં=તેમની આગળ બે હાથ જોડવા નહી. ૨ નમસ્કરણં=તેમને નમસ્કાર કરવો નહી=તેમની આગળ માંથું નમાવવું નહીં. ૩ આલાપનં=તેમની સાથે પ્રથમ બોલવું નહીં. ૪ સંલાપનં=તેમની સાથે વારંવાર બોલવું નહીં. ૫ અશનાદિદાનં=ખાવાપીવાનું ધર્મ બુદ્ધિએ આપવું નહીં. ૬ ગંધપુષ્પાદિ પ્રેસણં=તેમને ગંધપુષ્પાદિ મોકલવા નહીં.

૬ **આગાર**—૧ રાજા ભિયોગ=રાજાના કહેવાથી કરવું. ૨ ગણાભિયોગ=ઘણા લોકોના કહેવાથી કરવું. ૩ બળાભિયોગ=બળવાનના કહેવાથી કરવું. ૪ સુરાભિયોગ=દેવતાદિકની હઠથી કરવું. ૫ કાંતારવૃત્તિ=આજીવિકાને વાસ્તે કરવું. ૬ ગુરૂનિગ્રહ=માતાપીતા કળાચાર્ય પ્રમુખના કહેવાથી કરવું.

આ છ આગાર પોતાની મરજી ન છતાં લાચારીથી પણ કોઇના કહેવાથી સેવવા.

૬ **ભાવના**—૧ સમકિત કેવું છે ચારિત્ર ધર્મરૂપી ઝાડનું મુળ છે. ૨ સમક્તિ કેવું છે તો ચારિત્ર ધર્મરૂપી નગરમાં પેસવાનું બારણું છે. ૩ સમક્તિ ચારિત્ર ધર્મરૂપી મેહેલનો મુળ પાયો છે. ૪ સમક્તિ જ્ઞાન ચારિત્રાદિ ગુણરૂપ રત્નનો નિધિ છે. ૫ સમકિત કેવું છે તો ચારિત્ર રૂપી જીવતપણાનો આધાર છે. ૬ સમકિત શ્રુત ચારિત્ર રૂપી રસનું પાત્ર છે.

૬ **સ્થાન**—૧ જીવ છેજ. ૨ જીવ નિત્ય છે. ૩ જીવ કર્મનો કર્તા છે. ૪ જીવ કર્મનો ભોગવનાર છે. ૫ જીવને મોક્ષ છે. ૬ જીવને મોક્ષનો ઉપાય છે=કર્મ રહિત થવાનો ઉપાય છે.

શો ઉપાય છે? સમ્યગ્, જ્ઞાન, દર્શન અને ચારિત્ર.

(ઇતિ સમકિતના ૬૭ બોલ સંપૂર્ણ.)

૨ भवाभिनंदी जीवोनां लक्षण.

પાંચ ઇંદ્રિઓનાં વિષય સુખ પરમાર્થે કરી દુઃખકારી છે તો પણ તેને વિષે જે જીવો સુખની બુદ્ધિએ કરીને આનંદ માને છે તેને ભવાભિનંદી કહીએ. તેનાં લક્ષણ નીચે મુજબ.

૧ **આહારને અર્થે**=જે હું સામાયક પોસો તથા દેશાવકાસાદિક ધર્મ કરણી કરીશ તો જમવાનું મળશે એવી વિચારણાથી ધર્મ કરણી કરવી તે.

૨ **પૂજાવાને અર્થે**=જો હું ધર્મ કરણી કરીશ તો લોકમાં પૂજનીક થઇશ એવો અભિપ્રાય રાખવો તે.

૩ **ઉપધી**=વસ્ત્ર પાત્રાદિકને અર્થે ધર્મ કરણી કરવી તે.

૪ **રિદ્ધિ ગારવ**=શ્રાવક પોતાના કરવાને **અર્થે** જો ધર્મ કરણી કરીશ તો આ શ્રાવક મારા થશે અને એમનાથી મારૂં ગુજરાન થશે એવી બુદ્ધિએ કરીને ધર્મ કરણી કરવી તે.

૫ **ક્ષુદ્ર=અગંભીર હોય**=પારકાં છીદ્ર ખોળતો ફરે અને લોકોના કિંચિત્ અવગુણ દેખી લોકોની આગળ વિશેષ પણે કહેતો ફરે અને પોતાના અવગુણ ઢાંકે અને પોતાના ગુણનો ઉત્કર્ષ કરે=હરેક રીતે પોતાનો ગુણ પ્રગટ થાય એમ લોકો આગળ બોલવું તે.

૬ **લોભને વિષે પુદ્‌ગળ ભાવને વિષે**=ધન, ધાન્ય, વસ્ત્ર, પાત્ર, જશ, કીર્તિ મેળવવાને વિષે તત્પર=લીન=આસક્ત રહેવું તે.

૭ **દીન=પુદ્‌ગળ ભાવના વિયોગે કરીને રાંક**=આગામી કાળની ચિંતા કરે કે હાય હાય હું શું ખાઈશ અને હવે હું કેમ કરીશ, હવે મારા કુટુંબનો નિર્વાહ કેમ ચાલશે એવી ચિંતા કરે પણ આત્મ સ્વરૂપનો કોઈ પણ વિચાર કરે નહીં તે.

૮ **મત્સરી**=પારકા ગુણને ન સહે તે.

૯ **ભયવાન**=પુદ્‌ગલાદિક વસ્તુના વિયોગનો ભય કરવો તે.

૧૦ **શઠ=કપટી.**

૧૧ **અજ્ઞાની**=સર્વ વસ્તુનો અજાણ.

ઉપર લખેલાં અગીયાર લક્ષણો હરેક જણે વર્જવાં અને ધર્મ કરણી કરતાં તો વિશેષપણે વર્જવાં.

(ઇતિ ભવાભિનંદી જીવોનાં લક્ષણ સંપૂર્ણ.)

३ मिथ्यात्वना ४ बोल.

१ **પ્રરૂપણા મિથ્યાત્વ**—શ્રી જીનેશ્વર મહારાજે ભાપિત જે અર્થ તે થકી અવળી પ્રરૂપણા કરવી તે. [ણી કરવી તે.
२ **પ્રવર્તન મિથ્યાત્વ**—લૌકિક તથા લોકોત્તર મિથ્યાત્વની કર-
३ **પરિણામ મિથ્યાત્વ**—મનમાં=પરિણામમાં જુઠો હઠવાદ રાખવો અને કેવળી મહારાજે પ્રરૂપ્યા એવા નવ તત્વના અર્થ યથાર્થ સદ્દહવા નહીં તે. [પ્રકૃતિ તે.
४ **પ્રદેશ મિથ્યાત્વ**—સત્તાગતમાં રહેલી મોહની કર્મની સાત

(ઇતિ મિથ્યાત્વના ૪ બોલ સંપૂર્ણ.)

४ मार्गानुसारीना ३५ बोल.

१ **ન્યાય સંપન્ન વિભવ**=ન્યાયથી ધન મેળવવું=સ્વામિ દ્રોહ, મિત્રદ્રોહ, વિશ્વાસીને ઠગવું, ચોરી કરવી, થાપણ ઓળવવી વિગેરે નિંદવા યોગ્ય કામ ત્યાગ કરીને ધન ઉપાર્જન કરવું.
२ **શિષ્ટાચાર પ્રશંસા**=ઉત્તમ પુરૂષોનાં આચરણના વખાણ કરવા.
३ સરખા કુળાચાર વાળા પણ અન્ય ગોત્રી સાથે વિવાહ કરવો.
४ પાપના કામથી ડરવું.
५ પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું.
६ કોઇનો અવર્ણ વાદ બોલવો નહીં.
७ જે ઘરમાં પેસવા નિકળવાના અનેક રસ્તા નથી તથા જે ઘર અતિ ગુપ્ત અને અતિ પ્રગટ ન હોય

અને પાડોશી સારા હોય તેના ઘરમાં રહેવું.

૮ સારા આચરણવાળા પુરૂષોની સોબત કરવી.

૯ માતા તથા પિતાની પુજા કરવી=તેમનો સર્વ રીતે વિનય સાચવવો અને તેમને પ્રસન્ન રાખવાં.

૧૦ ઉપદ્રવવાળા સ્થાનકનો ત્યાગ કરવો=લડાઇ, દુકાળ વિગેરે અડચણવાળાં ઠેકાણાં છોડવાં

૧૧ નિંદિત કામમાં ન પ્રવર્તવું=નિંદવા યોગ્ય કામ ન કરવાં.

૧૨ આવક પ્રમાણે ખરચ રાખવું.

૧૩ ધનને અનુસરતો વેષ રાખવો=પેદાશ પ્રમાણે પોશાકી રાખવી.

૧૪ આઠ પ્રકારના બુદ્ધિના ગુણને સેવવા તે આઠ ગુણનાં નામ—૧ શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા. ૨ શાસ્ત્ર સાંભળવું. ૩ તેનો અર્થ સમજવો. ૪ તે યાદ રાખવો. ૫ ઉહ=તેમાં તર્ક કરવો તે સામાન્ય જ્ઞાન. ૬ અપોહ=વિશેષ જ્ઞાન. ૭ ઉહા પોહથી સંદેહ ન રાખવો. ૮ તત્વ જ્ઞાન=આ વસ્તુ આમજ છે એવો નિશ્ચય કરવો.

૧૫ નિત્ય ધર્મને સાંભળવો જેથી બુદ્ધિ નિર્મળ થાય.

૧૬ પહેલાં જમેલું ભોજન પચી જાય ત્યાર પછી નવું ભોજન કરવું.

૧૭ જ્યારે ખરી ભુખ લાગે ત્યારે ખાવું, પણ એકવાર ખાધા પછી તરતજ મીઠાઇ વિગેરે આવેલું જોઇ લાલચથી તે ઉપર ખાવું નહીં કારણ કે અપચો થાય.

૧૮ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગને સાધવા.

૧૯ અતિથિ તથા ગરીબને અન્નપાનાદિ આપવું.

૨૦ **નિરંતર અભિનિવેષ રહિત રહેવું**=કોઇને પરાભવ કરવાના પરિણામે કરી અનીતિથી કામનો આરંભ કરવો નહીં તે.

૨૧ **ગુણી પુરૂષોનો પક્ષપાત કરવો**—તેમનું બહુ માન કરવું.

૨૨ **નિષિદ્ધ દેશકાળનો ત્યાગ કરવો**=રાજા તથા લોકોએ નિષેધ કરેલા દેશકાળમાં જવું નહીં.

૨૩ **પોતાની શક્તિને અનુસરીને કામનો આરંભ કરવો.**

૨૪ **પોષણ કરવા યોગ્ય એવાં માતાપિતા સ્ત્રી પુત્રાદિકનું ભરણ પોષણ કરવું.**

૨૫ **વૃત્તને વિષે રહેલા તથા જ્ઞાને કરી મોટા એવા પુરૂષોને પૂજવા**=તેમનો સારી રીતે વિનય સાચવવો.

૨૬ **દીર્ઘદર્શી**=જે કોઇ કામ કરે તેમાં લાંબી દ્રષ્ટી ફેરવી તેનાં શુભાશુભ ફળનો તપાસ કરી ચાલવું.

૨૭ **વિશેષજ્ઞ**=દરેક વસ્તુનો તફાવત સમજી પોતાના આત્માના ગુણદોષનો તપાસ કરવો.

૨૮ **કૃતજ્ઞ (કર્યા કામનો જાણ)**=કરેલા ઉપકારને તથા અપકારને સમજવો.

૨૯ **લોકપ્રીય**—વિનયાદિ ગુણેકરી લોકપ્રીય થવું.

૩૦ **લજ્જાળુ (લાજવાળો)**—લાજમર્યાદામાં રહેવું.

૩૧ **દયાળુ**—દયાભાવ રાખવો.

૩૨ **સુંદર આકૃતિવાન**—ક્રુર આકૃતિનો ત્યાગ કરી શરીરનો સુંદર આકાર રાખવો.

૩૩ **પરોપકારી**—પરને ઉપકારી થવું.

૩૪ **અંતરંગારિજિત**—કામ, ક્રોધ, લોભ, માન, મદ તથા હર્ષ એ ૭ અંતર વેરીને જીતવા.

૩૫ **વશીકૃતેંદ્રિયગ્રામ—ઇંદ્રીયોના સમુહને વશ કરવા=સર્વ ઇં-**

દ્રિયોને વશ કરવાનો અભ્યાસ કરવો.

બાળજીવોને મોંઢે કરવા સુગમ પડે માટે ઉપરના માર્ગાનુસારીના પાંત્રીસબોલ સંક્ષેપથી લખ્યા છે. વિવરણ ગ્રંથાંતરોમાંથી જોઇ લેવું.

(ઇતિ માર્ગાનુસારીના પાંત્રીસ બોલ સંપૂર્ણ.)

૯ जीव विचारना बोल.

૧ જીવના બે ભેદ—૧ સંસારી. ૨ મોક્ષના.

૨ સંસારના બે ભેદ—૧ સ્થાવર ૨ ત્રસ.

૩ સ્થાવરના પાંચ ભેદ—૧ પૃથ્વીકાય. ૨ અપકાય. ૩ તેઉકાય. ૪ વાઉકાય. ૫ વનસપતિકાય.

૪ વનસપતિ કાયના બે ભેદ—૧ પ્રત્યેક. ૨ સાધારણ.

૫ ત્રસકાયના ચાર ભેદ–૧ બેરેંદ્રી ૨ તેરેંદ્રી. ૩ ચૌરેંદ્રી. ૪ પંચેંદ્રી.

૬ પ્રંચેંદ્રીના ચાર ભેદ—૧ દેવતા. ૨ મનુષ્ય. ૩ નારકી. ૪ તિર્યંચ.

૭ નારકીના સાત નામ ગોત્ર સહીત--૧ ઘમા–રત્નપ્રભા. ૨ વંશા–શર્કરાપ્રભા. ૩ સેલા–વાલુકાપ્રભા. ૪ અંજણા–પંકપ્રભા. ૫ રિઠ્ઠા-ધુમપ્રભા. ૬ મઘા-તમપ્રભા. ૭ માઘવતી-તમતમાપ્રભા.

૮ તિર્યંચ પંચેંદ્રીના ત્રણ ભેદ—૧ જલચર. ૨ થલચર. ૩ ખેચર.

૯ મનુષ્યના ત્રણ ભેદ—૧ કર્મભુગિના. ૨ અકર્મભુમિના. ૩ અંતરદ્વિપના.

૧૦ કર્મભૂમિના પંદર ક્ષેત્ર—૫ ભરત. ૫ ઐરવ્રત. ૫ મહાવિદેહ.

૧૧ અકર્મભુમિના ત્રીસ ક્ષેત્ર—૫ હેમવંત. ૫ એરણ્યવ્રત ૫

રમ્યક. ૫ દેવકુર. ૫ હરિવર્ષ. ૫ ઉતર કુર.

૧૨ અંતરદ્વીપના છપ્પન ક્ષેત્ર—લવણ સમુદ્રમાં પડતા હિમવંત અને શિખર પર્વતોના આઠ દાઢા છે તે દરેકપર સાત સાત ક્ષેત્રો છે. [વૈમાનીક.

૧૩ દેવતાના ચાર ભેદ—૧ ભૂવનપતિ.૨ વ્યંતર.૩ જ્યોતસી. ૪

૧૪ ભુવનપતિના દશ ભેદ--૧ અસુર કુમાર નિકાય. ૨ નાગ કુમાર નિકાય. ૩ સુવર્ણ કુમાર નિકાય. ૪ વિદ્યૂત્ કુમાર નિકાય. ૫ અગ્નિ કુમાર નિકાય. ૬ દ્વિપ કુમાર નિકાય. ૭ ઉદધિકુમાર નિકાય. ૮ દિશિ કુમાર નિકાય. ૯ પવન કુમાર નિકાય ૧૦ સ્તનિત કુમાર નિકાય.

૧૫ વ્યંતર દેવતાના બે ભેદ—૧ વ્યંતરના. ૨ વાણ વ્યંતરના.

૧૬ વ્યંતર દેવતાના આઠ ભેદ—૧ પિશાચ. ૨ ભુત. ૩ યક્ષ. ૪ રાક્ષસ. ૫ કિંનર. ૬ કિંપુરૂષ. ૭ મહોરગ. ૮ ગંધર્વ.

૧૭ વાણ વ્યંતરના આઠ ભેદ—૧ અણુપન્ની નિકાય. (સ્થાનક) ૨ પણ પન્ની નિકાય. ૩ એસી વાદી નિકાય. ૪ ભૂતવાદી નિકાય. ૫ કંદિત નિકાય ૬ મહા કંદિત નિકાય. ૭ કોહંડ નિકાય. ૮ પતંગ નિકાય.

૧૮ જ્યોતસી દેવતાના પાંચ ભેદ—૧ ચંદ્ર. ૨ સૂર્ય. ૩ ગ્રહ. ૪ નક્ષત્ર. ૫ તારા.

૧૯ વૈમાનિક દેવતાના બે ભેદ—૧ કલ્પ તે આચાર વાળા. ૨ કલ્પાતીત તે પોતે સ્વામી છે.

૨૦ કલ્પ તે બાર દેવલોક વાળાનાં નામ—૧ સુધર્મ. ૨ ઇશાન. ૩ સનત કુમાર. ૪ મહેંદ્ર. ૫ બ્રહ્મ. ૬ લાંતક. ૭

મહાશુક્ર. ૮ સહસાર. ૯ આનંત. ૧૦ પ્રાણુંત. ૧૧ આરણ્. ૧૨ અચ્યુત દેવલોક. [વિમાનના.

૨૧ **કલ્પાતીતના બે ભેદ**—૧ નવગ્રૈવેકના. ૨ પાંચ અનુત્તર

૨૨ **નવગ્રૈવેકના નવ ભેદ**—૧ સુદર્શન. ૨ સુપ્રતિબંધ. ૩ મનોરમ. ૪ સર્વભદ્ર. ૫ વિશાળ. ૬ સુમનસ. ૭ સુમણુસ. ૮ પ્રીયંકર. ૯ આદિત્ય.

૨૩ **પાંચ અનુત્તરના પાંચ ભેદ**—૧ વિજય. ૨ વિજયંત. ૩ જયંત. ૪ અપરાજિત. ૫ સર્વાર્થ સિદ્ધ.

૨૪ **મોક્ષના જીવના પંદર ભેદ**—૧ જિણ સિદ્ધા. ૨ અજિણુ સિદ્ધા. ૩ તિર્થ સિદ્ધા. ૪ અતિર્થ સિદ્ધા. ૫ ગૃહલિંગે સિદ્ધા. ૬ અન્યલિંગે સિદ્ધા. ૭ સ્વલિંગે સિદ્ધા. ૮ સ્ત્રિલિંગે સિદ્ધા. ૯ પુરૂષલિંગે સિદ્ધા. ૧૦ નપુંસક લિંગે સિદ્ધા. ૧૧ પ્રત્યેકબુદ્ધ સિદ્ધા. ૧૨ સ્વયં બુદ્ધ સિદ્ધા. ૧૩ બોધિબોધિત સિદ્ધા. ૧૪ એક સિદ્ધા. ૧૫ અનેક સિદ્ધા.

હવે જીવોનું ઉત્કૃષ્ટ શરીરનું માન અને આયુષ્યનું માન બતાવે છે તે. શ૦=શરીર. આ૦=આયુષ્ય.

૨૫ **પૃથ્વીકાય**—૧ શ૦ અંગુલના અસંખ્યાતમા ભાગનું. ૨ આ૦ ૨૨૦૦૦ વર્ષનું.

૨૬ **અપકાય**—૧ શ૦ અંગુલના અસંખ્યાતમા ભાગનું. ૨ આ૦ ૭૦૦૦ વર્ષનું.

૨૭ **તેઉકાય**—૧ શ૦ અંગુલના અસંખ્યાતમા ભાગનું. ૨ આ૦ ત્રણ અહોરાત્રિનું. [૩૦૦૦ વર્ષનું.

૨૮ **વાઉકાય**—૧ શ૦ અંગુલના અસંખ્યાતમા ભાગનું. ૨ આ૦

૨૯ **સાધારણ વનસ્પતિ**—૧ શ૦ અંગુલના અસંખ્યાતમા ભાગનું.
૨ આ૦ અંતર્મુહુર્તનું. [૧૦૦૦૦ વર્ષનું.
૩૦ **પ્રત્યેક વનસ્પતિ**—૧ શ૦ ૧૦૦૦ જોજન અધિક. ૨ આ૦
૩૧ **બેરેંદ્રી**—૧ શ૦ બાર જોજનનું. ૨ આ૦ બાર વરસનું.
૩૨ **તેરેંદ્રી**—૧ શ૦ ત્રણ ગાઉનું. ૨ આ૦ ૪૯ દિવસનું.
૩૩ **ચૌરેંદ્રી**—૧ શ૦ ચાર ગાઉનું. ૨ આ૦ ૬ માસનું.
૩૪ **પહેલી નારકી**—૧ શ૦ ૭॥ ધનુષ્ય ને ૬ અંગુલનું. ૨
આ૦ ૧ સાગરોપનું. [આ૦ ૩ સાગરોપમનું.
૩૫ **બીજી નારકી**—૧ શ૦ ૧૫॥ ધનુષ્ય ને ૧૨ અંગુલનું. ૨
૩૬ **ત્રીજી નારકી**—૧ શ૦ ૩૧। ધનુષ્યનું. ૨ આ૦ ૭ સાગ-
રોપમનું. [રોપમનું.
૩૭ **ચોથી નારકી**—૧ શ૦ ૬૨॥ ધનુષ્યનું. ૨ આ૦ ૧૦ સાગ-
૩૮ **પાંચમી નારકી**—૧ શ૦ ૧૨૫ ધનુષ્યનું. ૨ આ૦ ૧૭
સાગરોપમનું. [ગરોપમનું.
૩૯ **છઠ્ઠી નારકી**—૧ શ૦ ૨૫૦ ધનુષ્યનું. ૨ આ૦ ૨૨ સા-
૪૦ **સાતમી નારકી**—૧ શ૦ ૫૦૦ ધનુષ્યનું. ૨ આ૦ ૩૩
સાગરોપમનું. [આ૦ ક્રોડપુરવનું.
૪૧ **સમૂર્છિમ જલચર**—૧ શ૦ એક હજાર જોજનનું. ૨
૪૨ **સમૂર્છિમ સ્થલચર**—૧ શ૦ ૨ થી ૯ જોજનનું. ૨ આ૦
૮૪૦૦૦ વરસનું [૭૨૦૦૦ વરસનું.
૪૩ **સમૂર્છિમ ખેચર**—૧ શ૦ ૨ થી ૯ ધનુષ્યનું. ૨ આ૦
૪૪ **ગર્ભજ જલચર**—૧ શ૦ ૧ હજાર જોજનનું. ૨ આ૦
ક્રોડપુરવનું.

૪૫ **ગર્ભજ સ્થલચર**—૧ શ૦ ૧૦૦૦ જોજનનું. ૨ આ૦ ૩ પલ્યોપમનું.

૪૬ **ગર્ભજ ખેચર**—૧ શ૦ ૨ થી ૯ ધનુષ્યનું. ૨ આ૦ પ-લ્યોપમનો અસંખ્યાતમો ભાગ. [પમનું.

૪૭ **ગર્ભજ મનુષ્ય**—૧ શ૦ ત્રણ ગાઉનું. ૨ આ૦ ત્રણ પલ્યો-

૪૮ **સમૂર્છિમ મનુષ્ય**—૧ શ૦ અંગુળના અસંખ્યાતમા ભાગ-નું. ૨ આ૦ અંતર મુહુર્તનું.

૪૯ **ભુવનપતિ દેવતા**—૧ શ૦ સાતહાથનું. ૨ આ૦ બે પ-લ્યોપમનું (નવનિ કાયના) અસુર કુમારનું દેશે ઉણું એક સા-ગરોપમ અધિક.

૫૦ **વ્યંતર**—૧ શ૦ સાત હાથનું. ૨ આ૦ ત્રણ પલ્યોપમનું.

૫૧ **જ્યોત્સી**—૧ શ૦ સાતહાથનું. ૨ આ૦ ચંદ્રનું ૧ પલ્યો-પમને એક લાખ વરસનું. સૂર્યનું ૧ પલ્યોપમને ૧૦૦૦ વરસનું. ગ્રહનું એક પલ્યોપમ. નક્ષત્રનું અર્ધ પલ્યોપમ અને તારાનું પલ્યોપમનો ચોથો ભાગ. [પમનું.

૫૨ **સૌધર્મ દેવલોક**—૧ શ૦ સાતહાથનું. ૨ આ૦ બે સાગરો-

૫૩ **ઇશાન દેવલોક**—૧ શ૦ સાતહાથનું. ૨ આ૦ બે સાગ-રોપમ અધિકનું. [સાગરોપમનું.

૫૪ **સનત કુમાર દેવલોક**—૧ શ૦ ૭ હાથનું. ૨ આ૦ સાત

૫૫ **માહેંદ્ર દેવલોક**—૧ શ૦૭હાથનું.૨ આ૦સાતસાગરોપમ અધિક.

૫૬ **બ્રહ્મ દેવલોક**—૧ શ૦ પાંચહાથનું. ૨ આ૦ ૧૦ સાગરોપમ.

૫૭ **લાંતક દેવલોક**—૧ શ૦ પાંચહાથનું. ૨ આ૦ ૧૪ સાગરોપમ.

૫૮ **મહાશુક્ર દેવલોક**—૧ શ૦ ચારહાથનું.૨આ૦ ૧૭ સાગરોપમ.

૫૯ **સહસાર દેવલોક**—૧ શ૦ ચારહાથનું. ૨ આ૦ ૧૮ સાગરોપમ.
૬૦ **આણુંત દેવલોક**—૧ શ૦ ત્રણહાથનું. ૨ આ૦ ૨૦ સાગરોપમનું.
[રોપમનું.
૬૧ **પ્રાણુંત દેવલોક**—૧ શ૦ ત્રણહાથનું. ૨ આ૦ ૨૦ સાગ-
૬૨ **આરણ દેવલોક**—૧ શ૦ ત્રણહાથનું. ૨ આ૦ ૨૧ સાગરોપમનું.
[ગરોપમનું.
૬૩ **અચ્યુત દેવલોક**—૧ શ૦ ત્રણહાથનું. ૨ આ૦ ૨૨ સા-
૬૪ **નવગ્રૈવેયક**—૧ શ૦ બે હાથનું. ૨ આ૦ પહેલી ગ્રૈવેયકનું ૨૩ સાગરોપમ. બીજીનું ૨૪ સા૦ ત્રીજીનું ૨૫ સા૦ ચોથીનું ૨૬ સા૦ પાંચમીનું ૨૭ સા૦ છઠીનું ૨૮ સા૦ સાતમીનું ૨૯ સા૦ આઠમીનું ૩૦ સા૦ નવમી ગ્રૈવેયકનું ૩૧ સાગરોપમનું.
૬૫ **અનુત્તર વિમાન**—૧ શ૦ એક હાથનું. ૨ આ૦ પહેલા ચાર વિમાનનું. ૩૧ થી ૩૩ સાગરોપમનું અને સર્વાર્થ સિદ્ધનું ૩૩ સાગરોપમનું.

હવે જીવોની સ્વકાયને વિષે ભવ સ્થિતિ, પ્રાણ તથા યોનિનું પ્રમાણ વિગેરે બતાવે છે.

૬૬ **એકેંદ્રિ જીવો**—અસંખ્ય ઉત્સર્પિણી કાળ સુધી અને અનંતકાય અનંતકાળ સુધી પોતાનીજ કાયામાં ઉત્પન્ન થાય અને મરે.
૬૭ **વિગલેંદ્રિ**—સંખ્યાતકાલ સુધી પોતાની જાતિમાં ઉત્પન્ન થાય અને મરે.
(આઠ ભવ કરે.
૬૮ **તિર્યંચ પંચેંદ્રિ અને મનુષ્ય**—પોતાની જાતિમાં સાત કે
૬૯ **નારકી અને દેવતા**—તો મરીને પોતાનીકાયમાં ઉત્પન્ન થાયજ નહીં.

૭૦ પ્રાણ દશછે—એકેંદ્રિને ચાર. બેરેંદ્રિને છ. તેરેંદ્રિને સાત. ચૌરેંદ્રિને આઠ. અસન્નિ પંચેંદ્રિને નવ. અને સન્નિપંચેંદ્રિને ૧૦ હોય છે. (જાણી લેવું.

૭૧ યોનિનું પ્રમાણ—સાત લાખ પૃથ્વીકાય એ સૂત્ર પ્રમાણે

૭૨ સિદ્ધને—શરીર નથી, આયુષ્ય નથી, પ્રાણ નથી, યોનિ નથી, ઉપજવું નથી, મરવું નથી, તેમની સ્થિતિ સાદી અનંતછે.

(ઇતિ જીવ વિચાર સંપૂર્ણ.)

६ अथ पांत्रीस बोल.

૧ ગતિ ચાર. ૨ જાતિ પાંચ. ૩ કાય છ. ૪ ઇંદ્રી પાંચ. ૫ પર્યાપ્તિ છ. ૬ પ્રાણ દશ. ૭ શરીર પાંચ. ૮ જોગ પંદર. ૯ ઉપયોગ બાર. ૧૦ કર્મ આઠ. ૧૧ ગુણઠાણા ચઉદ. ૧૨ પંચેંદ્રિના વિષય ત્રેવિસ. ૧૩ મિથ્યાત્વ દશ. ૧૪ તત્વ નવ. ૧૫ આત્મા આઠ. ૧૬ દંડક ચોવીસ. ૧૭ લેશ્યા છ. ૧૮ દ્રષ્ટિ ત્રણ. ૧૯ ધ્યાન ચાર. ૨૦ દ્રવ્ય છ. ૨૧ રાશિ બે. ૨૨ શ્રાવકના વ્રત બાર. ૨૩ સાધુજીનાં મહાવ્રત પાંચ. ૨૪ પચ્ચખ્ખાણના ભાંગા ઓગણપચાસ. ૨૫ ચારિત્ર પાંચ. ૨૬. નય સાત. ૨૭ નિક્ષેપા ચાર. ૨૮ સમકિત પાંચ. ૨૯ રસ નવ. ૩૦ અભક્ષ બાવીસ. ૩૧ અનુજોગ ચાર. ૩૨ તત્વ ત્રણ. ૩૩ સમવાય પાંચ. ૩૪. ત્રણસેં ત્રેસઠ પાખંડીના ભેદ. ૩૫ શ્રાવકના ગુણ એકવીસ.

७ अथ नव तत्व.

૧ જીવ તત્વના ૧૪ ભેદ. ૨ અજીવ તત્વના ૧૪ ભેદ.

૩ પુણ્ય તત્વના ૪૨ ભેદ. ૪ પાપ તત્વના ૮૨ ભેદ. ૫ આશ્રવ તત્વના ૪૨ ભેદ. ૬. સંવર તત્વના ૫૭ ભેદ. ૭ નિર્જરા તત્વના ૧૨ ભેદ. ૮ બંધ તત્વના ૪ ભેદ. ૯ મોક્ષ તત્વના ૯ ભેદ.

८ अथ चोविस डंडक.

૧ સાત નરકનો. ૨ અસુર કુમારનો. ૩ નાગકુમારનો. ૪ સુવર્ણ કુમારનો. ૫ વિદ્યુત કુમારનો. ૬ અગ્નિ કુમારનો. ૭ દ્વીપ કુમારનો. ૮ ઉદધિ કુમારનો. ૯ દિશિ કુમારનો. ૧૦ વાયુ કુમારનો. ૧૧ સ્તનિત કુમારનો. ૧૨ પૃથ્વી કાયનો. ૧૩ અપકાયનો. ૧૪ તેઉકાયનો. ૧૫ વાઉકાયનો. ૧૬ વનસ્પતિ કાયનો. ૧૭ બેરેંદ્રિયનો. ૧૮ તેરેંદ્રિયનો. ૧૯ ચૌરેંદ્રિયનો. ૨૦ તિર્યંચ પંચેંદ્રિયનો. ૨૧ મનુષ્યનો. ૨૨ વાણ વ્યંતરનો. ૨૩ જયોત્સીનો. ૨૪ વૈમાનિક દેવોનો.

९ अथ आठ कर्मनी १५८ प्रकृति.

૧ જ્ઞાના વર્ણીય કર્મની ૫ પ્રકૃતિ. ૨ દર્શના વર્ણીય કર્મની ૯ પ્રકૃતિ. ૩ વેદનીય કર્મની ૨ પ્રકૃતિ. ૪ મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ. ૫ આયુ કર્મની ૪ પ્રકૃતિ. ૬ નામ કર્મની ૧૦૩ પ્રકૃતિ. ૭ ગોત્ર કર્મની ૨ પ્રકૃતિ. ૮ અંતરાય કર્મની ૫ પ્રકૃતિ.

१० अथ मार्गणाना १४ बोल.

૧ ગતિ માર્ગણાના ૪ પ્રકાર. ૨ ઇંદ્રિય માર્ગણાના ૫ પ્રકાર. ૩ કાય માર્ગણાના ૬ પ્રકાર. ૪ યોગ માર્ગણાના

૩ પ્રકાર. ૫ વેદ માર્ગણાના ૩ પ્રકાર. ૬ કષાય માર્ગણાના ૪ પ્રકાર. ૭ જ્ઞાન માર્ગણાના ૮ પ્રકાર. ૮ સયંમ માર્ગણાના ૭ પ્રકાર. ૯ દર્શન માર્ગણાના ૪ પ્રકાર. ૧૦ લેશ્યા માર્ગણાના ૬ પ્રકાર. ૧૧ ભવ્ય માર્ગણાના ૨ પ્રકાર. ૧૨ સમ્યકત્વ માર્ગણાના ૬ પ્રકાર. ૧૩ સન્નિ માર્ગણાના ૨ પ્રકાર. ૧૪ આહાર માર્ગણાના ૨ પ્રકાર.

(ઇતિ વિવિધ બોલ સંગ્રહ સંપૂર્ણ.)

ભાવના.

પ્રભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવ નિદ્ધ;
પ્રભુ દર્શનથી પામીએ, સકળ પદાર્થ સિદ્ધ.
ભાવે જીનવર પૂજીએ, ભાવે દિજે દાન;
ભાવે ભાવના ભાવિએ, ભાવે કેવળ જ્ઞાન. ૨

જગત્રયાધાર કૃપાવતાર, દુર્વાર સંસાર વિકાર વૈદ્ય;
શ્રીવીતરાગત્વયિમુગ્ધભાવાદ્,વિજ્ઞપ્રભોવિજ્ઞપયામિકિંચિત્ ૧

દેખીરે અદ્ભુત તાહારૂ રૂપ, અચરિજ ભવિકારૂપી પદવરો;
તાહારીગત તું જાણે હો દેવ,સમરણ ભજન તે વાચક જસ કહે.

તું અકલંકી રૂપ સ્વરૂપી, પરમાનંદ પદ તું દાઇ;
તું સંકર બ્રહ્મા જગદીશ્વર, વિતરાગ તું નીરમાઇ. ૧
અનોપમ રૂપ દેખિ તુજ રીઝે, સુર નર નારી કે વૃંદા;
નમો નિરંજન ફણી પતી શેવીત, પાસ ગોડીચા સુખકંદા. ૨

કાને કુંડળ શીર છત્ર બીરાજે, ચક્ષુ ટીકા નિરધારી;
અષ્ટ બીજોરૂ હાથ સોહએ, તુમ વંદે સહુ નરનારી. ૩
જળ આવી પ્રભુ નાકે અડીઆં, આસન કંપ્યાં નિરધારી;
નાગ નાગની છત્ર ધરેછે, જળ વરસાવ્યાં નિરધારી. ૪
રૂપવિજય કહે સુણો મેરી લાવણી, એસી સોભા બહુ સારી;
માત પિતા બંધવ સહુ સાથે, સંજમ લીધાં નિરધારી. ૫

प्रभातीयां.

પાસ સંખેશ્વરા સાર કર સેવકાં, દેવકાં એવડી વાર લાગે;
કોડી કર જોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે.૧
પ્રગટ થા પાસજી મેલી પડદો પરો, મોર અસુરાણને આપ છોડો;
મુજ મહીરાણ મંજુસમાં પેશીને, ખલકના નાથજી બંધખોલો.૨
જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમશું આજ જીનરાજઉંધે;
મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગ કાળ મધે. ૩
ભીડ પડી જાદવા જોર લાગીજરા, તતક્ષીણ ત્રિકમે તુજ સંભાર્યો;
પ્રગટ પાતાળથીપલકમાંતેંપ્રભુ, ભક્તજન તેહનોભયનિવાર્યો.૪
આદી અનાદી અરિહંત તું એક છે, દીન દયાળ છે કોણ દુજો;
ઉદયરતન કહે પ્રગટપ્રભૂ પાસજી, પામી ભયભંજનો એહ પુજો.૫

૨

ચાલોને પ્રીતમજી પ્યારા શેત્રુંજય જઇએ;
શેત્રુંજય જઇએ ચાલો૦ એ આંકણી.
શું સંસારે રહ્યાછો મુજી, દિન દિન તન છીજે;
આઠ આભની છાયા સરખી, પોતાની કીજે. ચા૦ ૧
જે કરવું તે પેલાં કીજે, કાલે શી વાતો;

અણચિંતવીઆં આવી પડશે, સબળાની લાતો. ચા૦ ૨
ચતુરાઇ શું ચિત્તમાં ચેતી; હાથે તે સાથે;
મરણ તણા નીશાણ મોટાં, ગાજે છે માથે. ચા૦ ૩
માતા મરૂદેવા નંદન નીરખી, ભવ સફળો કીજે;
દાનવિજે સાહેબની શેવા, એ સઘળી લીજે. ચા૦ ૪

चैत्यवंदनो.

શ્રી શાંતિનાથજીનું ચૈત્યવંદન.

સકલ કુશલ વલ્લી, પુષ્કરાવર્ત્ત મેઘો, દુરિત તિમિર ભાનુ:,
કલ્પવૃક્ષો પમાન:;ભવજલનિધિ પોત:, સર્વ સંપત્તિહેતુ:,
સભવતિ સતતંવ:, શ્રેયસે શાંતિનાથ:. ૧
સુધા સુંદર વાગ્જ્યોત્સ્ના, નિર્મલી કૃતદિઙ્મુખ:;
મૃગ લક્ષ્માતમ: શાંત્યૈ, શાંતિનાથો જીનોસ્તુ વ:. ૨
ચિદાનંદેક રૂપાય, જીનાય પરમાત્મને;
પરમાત્મ પ્રકાશાય, નિત્યં સિદ્ધાત્મને નમ:. ૩
અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ;
તસ્માત્કારણ ભાવેન, રક્ષ રક્ષ જીનેશ્વર. ૪
પાતાલે યાનિ બિંબાનિ, યાનિ બિંબાનિ ભૂતલે;
સ્વર્ગેપિ યાનિ બિંબાનિ, તાનિ વંદે નિરંતરમ્. ૫

શ્રી સિદ્ધાચળનું ચૈત્યવંદન.

શ્રી સેત્રુંજય સિદ્ધખેત્ર, દીઠે દુરગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે. ૧
અનંત સિદ્ધનો એ ઠામ, સકળ તિરથનો રાય;
પુર્વ નવાણું રીખવદેવ, જયાં ઠવીયા પ્રભુ પાય. ૨

સૂરજકુંડ સોહામણો, કવીડજક્ષ ભીરામ;
નાભિરાયાકુલ મંડણો, જિનવર કરૂં પ્રણામ. ૩

શ્રી પંચતીર્થનું ચૈત્યવંદન.

આજ દેવ અરિહંત નમું, સમરૂં તારૂં નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જીનતણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ. ૧
સેત્રુંજય શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજીતનાથ, આબુ રિખવ જુહાર. ૨
અષ્ટાપદ ગિરી ઉપરે, જીન ચોવીશી જોય;
મણીમય મુરતિ માનશું, ભરતે ભરાવી સોય. ૩
સમેતશિખર તિરથ વડું, જ્યાં વિશે જીનપાય;
વૈભારક ગિરીવર ઉપરે, શ્રી વીર જીનેશ્વર રાય. ૪
માંડવગઢનો રાજીઓ, નામે દેવ સુપાસ;
રિખવ કહે જીન સમરતાં, પહોંચે મનની આશ. ૫

શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન.

શ્રી સીમંધર વિતરાગ, ત્રીભુવન ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતાકુલે, બહુ શોભા તુમારી. ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભ લંછને બિરાજમાન, વંદે નરનારી. ૨
ધનુષ પાંચશેં દેહડીએ, સોહીએ સોવનવાન;
કીર્તિ વિજય ઉવઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩

સ્તવનો.

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

સિદ્ધાચળ ગેરી ભેટ્યારે, ધન્ય ભાગ્ય હમારાં. એ આંકણી.

એ ગેરીવરનો મહિમા મોટો, કેહેતાં ન આવે પારા;
રાયણ રિખવ સમોસર્યા સ્વામી, પુરવ નવાણું વારારે. ધ૦ ૧
મુળનાયક શ્રી આદિજીનેશ્વર, ચોમુખ પ્રતિમા ચારા;
અષ્ટ દ્રવ્યશું પુજો ભવિ ભાવે, સમકિત મુલ આધારારે.ધ૦ ૨
ભાવ ભગતિશું પ્રભુ ગુણ ગાતાં, અપના જન્મ સુધારા;
જાત્રા કરી ભવિજન શુભ ભાવે,નરગતિ દુરગતિ વારારે.ધ૦૩
દુર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા;
પતિત ઉધારોને બિરૂદ તુમારો, એ તિરથ જગ સારારે.ધ૦ ૪
અઢારસેં ત્યાસી માસ અષાડો, વદ આઠમ સોમવાર;
પ્રભુકે ચરણ પસાયથી સંઘમાં,ખેમારતન પ્રભુ પ્યારારે.ધ૦૫

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

ગીરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જીન રાયારે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મળ થાયે કાયારે. ગિ૦ ૧
તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉરે;
અવર ન ધંધો આદરૂં, નિશ દિન તોરા ગુણ ગાઉરે. ગિ૦ ૨
ઝીલ્યા જે ગંગાજળે, તે છીલર જળ નવિ પેસેરે;
જે માલતી ફુલે મોહીઆ, તે બાવલ જઇ નવી બેસેરે. ગિ૦ ૩
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યાને વળી માચ્યારે;
તે કેમ પરસુર આદરૂં, જે પરનારી વશ રાચ્યારે. ગિ૦ ૪
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારોરે;
વાચકજસ કહે માહરે, તું જીવન જીવ આધારોરે. ગિ૦ ૫

અથ સીમંધરસ્વામિનું સ્તવન.

સુણો ચંદાજી, સીમંધર પરમાતમ પાસે જાજો,

મુજ વિનતડી, પ્રેમ ધરીને એણિ પેરે તુમે સંભળાવજો.
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્ર પાયક છે;
જ્ઞાન દરિસણ જેહને ખાયક છે. સુણો. ૧
જેની કંચન વરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે;
પુંડરિકગિણિ નગરીનો રાયા છે. સુણો. ૨
બાર પર્ષદા માંહી બિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીસ વાણીયે ગાજે છે. સુણો. ૩
ભવિજનને તે પડી બોહે છે, તુમ અધિક શિતળ ગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો. ૪
તુમ શેવા કરવા રસીઓ છું, પણ ભરતમાં દૂરે વસીઓ છું;
મહા મોહરાય કર ફસીઓ છું. સુણો. ૫
પણ સાહીબ ચિત્તમાં ધરીઓ છે, તુમ આણા ખડ્ગ કર ગ્રહીઓ છે;
પણ કાંઇક મુજથી ડરીઓ છે. સુણો. ૬
જીન ઉત્તમ પુંઠ હવે પુરો, કહે પદ્મવિજય થાઉ શુરો;
તો વાધે મુજમન અતિ નુરો. સુણો. ૭

અથ શ્રી સિદ્ધભગવાનનું સ્તવન.

(સિદ્ધની શોભા શી કહું એ દેશી.)

સિદ્ધ જગત શિરે શોભતા, રમતા આતમરામ;
લક્ષ્મી લીલાની લેહેરમાં, સુખીયા છે શીવ ઠામ. સિ૦ ૧
માહાનંદ અમ્રત પદ નમો, સિદ્ધિ કેવળ નામ;
અપુનર્ભવ બ્રહ્મ પદ વળી, અક્ષય સુખ વિશ્રામ. સિ૦ ૨
સંશ્રે નિશ્રે અક્ષરા, દુઃખ સમસ્તની હાંણ;
નિવૃતી અપ વર્ગતા, મોક્ષ મુગતી નિરવાણ. સિ૦ ૩
અચલ મહોદય પદ લહ્યું, જોતાં જગતના ઠાઠ;

નિજ નિજ રૂપેરે જુજુઆ, વિત્યાં કર્મ તે આઠ. સિ૦ ૪
અગુરૂ લઘુ અવગાહના, નામે વિકસે વદન;
શ્રી સુભવીરને વંદતાં, રહિએ સુખમાં મગન. સિ૦ ૬

અથ શ્રી અનંતનાથજીનું સ્તવન.

ધાર તરવારની સોહિલી દોહિલી, ચઉદમા જીનતણી ચરણ સેવા;
ધારપર નાચતાં દેખ બાજીગરા, સેવના ધારપર રહે ન દેવા. ધા૦ ૧
એક કહે સેવીએ વિવિધ કીરીયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કીરીયા કરી બાપડા, રડવડે ચાર ગતિ માંહિ લેખે. ધા૦ ૨
ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્વની વાત કરતાં ન લાજે;
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડીયા કલિકાલ-રાજે. ધા૦ ૩
વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ, સાંભળી આદરી કાંઇ રાચો. ધા૦ ૪
દેવ ગુરૂ ધર્મની શુદ્ધી કહો કીમ રહે, કીમ રહે શુદ્ધશ્રદ્ધાન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરીયા કરી, છારપર લીંપણો સરસ જાણો. ધા૦ ૫
પાપ નહીં કોઇ ઉત્સૂત્રભાષણ જિસો, ધર્મ નહી કોઇ જગસૂત્રસરિખો
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનો શુદ્ધ ચારિત્ર પ-રિખો. ધા૦ ૬
એહ ઉપદેશનું સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાલ સુખ અનુભવી, નિયત આનંદઘન રા-જ પાવે. ધા૦ ૭

અથ શ્રી શંખેશ્વરજીનું સ્તવન.

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો;
સાંભળીને આવ્યો હું તીરે, જનમ મરણ દુઃખ વારો.
સેવક અરજ કરેછે રાજ, અમને શીવ સુખ આપો. ૧એ આંકણી.
સહુકોનાં મન વંછીત પુરો, ચિંતા સહુની ચુરો;
એહવું બિરૂદ છે રાજ તુમારૂં, કેમ રાખોછો દુરે. સે૦ ૨
સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો;
કરૂણાસાગર કેમ કેહેવાશો, જો ઉપગાર ન કરશો. સે૦ ૩
લટપટનું હવે કામ નહીંછે, પ્રત્યક્ષ દરિસણ દીજે;
ધુંઆડે ધીજું નહી સાહિબ, પેટ પડયાં પતીજે. સે૦ ૪
શ્રી શંખેશ્વર મંડણ સાહિબ, વિનતડી અવધારો;
કહે જિન હર્ષ મયા કર મુજને, ભવસાયરથી તારો. સે૦ ૫

અથ શ્રી તીર્થમાળાનું સ્તવન.

સેત્રુંજે રીખભ સમોસર્યા, ભલા ગુણ ભરયારે;
સિધ્યા સાધુ અનંત, તીરથ તે નમું રે;
ત્રણ કલ્યાંણક તિહાં થયાં મુગતે ગયારે,
નેમીસર ગીરનાર. તીરથ૦ ૧
અષ્ટાપદ એક દેહરો, ગિરી સેહેરોરે;
ભરતે ભરાવ્યાં બીંબ. તીરથ૦
આબુ ચૌમુખ અતિ ભલો, ત્રિભુવન તિલોરે;
વિમલ વસે વસ્તુપાલ. તીરથ૦ ૨
સમેતશિખર સોહામણો, રળીયામણોરે;
સિધ્યા તીર્થંકર વીસ. તીરથ૦

નયરી ચંપા નિરખીએ, હઇડે હરખીએરે;
સિધ્યા શ્રી વાસુપુજય. તીરથ૦ ૩
પુરવ દીશા પાવાપુરી, રીધે ભરીરે;
મુકિત ગયા મહાવીર. તીરથ૦
જેસલમેર જુહારીએ, દુઃખ વારીએરે;
અરિહંત બીંબ અનેક. તીરથ૦ ૪
વિકાનેરજ વંદીએ, ચિર નંદીએરે;
અરિહંત દેહરાં આઠ. તીરથ૦
સોરિસરો સંખેસરો, પંચાસરોરે;
ફલોધી થંભણ પાસ. તીરથ૦ ૫
અંતરિક અજાવરો, અમીઝરોરે;
જીરાવલો જગનાથ. તીરથ૦
ત્રીલોકય દીપક દેહરો, જાત્રા કરોરે;
રાણપુરે રિસહેસ. તીરથ૦ ૬
શ્રી નાડુલાઇ જાદવો, ગોડી સ્તવોરે;
શ્રીવરકાણો પાસ. તીરથ૦
નંદીશ્વરનાં દેહરાં, બાવન ભલાંરે;
રૂચક કુંડલે ચાર ચાર. તીરથ૦ ૭
સાસ્વતી અસાસ્વતી, પ્રતીમા છતીરે;
સ્વર્ગ મૃત્યુ પાતાલ. તીરથ૦
તીરથ જાત્રા ફળ તિહાં, હોજયો મુજ ઇહાંરે;
સમય સુંદર કહે એમ. તીરથ૦ ૮

થોયો.

પ્રહ ઉઠી વંદુ, રિખવદેવ ગુણવંત; પ્રભુ બેઠા સોહીએ, સમવસરણ ભગવંત. જેને છત્ર બિરાજે, ચમર ઢાળે ઇંદ્ર; જનના ગુણ ગાવે, સોહંગ નારીને વંદો. ૧

શ્રી સિમંધર જીનવર, સુખકર સાહેબ દેવ; અરિહંત સકળની, ભાવ ધરી કરૂં શેવ. સકલાગમ પારક, ગણધર ભાખિત વાણી; જયવંતી આણા, જ્ઞાનવિમળ ગણખાણી. ૧

પુંડરગિરી મહિમા, આગમમાં પરસિદ્ધ; વિમળાચળ ભેટી લહીએ, અવિચળ રિદ્ધ. પંચમ ગતિ પોહોંત્યા, મુનિવર કોડાકોડ; એણે તિરથે આવી, કર્મ વિપાતક છોડ.

શ્રી સેત્રુંજો તિરથ સાર, ગિરીવરમાં જેમ મેરૂ ઉધાર; ઠાકોર રામા પાર. મંત્ર માંહી નવકારજ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું; જળધર જળમાં જાણું. પંખીમાં ઉત્તમ જેમ હંસ, કુળ માંહી જેમ રિખવનો વંશ; નાભિ તણો એ અંશ. ખેમાવંતમાં શ્રી અરિહંત, તપશુરામાં મહા મુનિવંત; સેત્રુંજે ગયા ગુણવંત.

દિન સકળ મનોહર, બીજ દિવસ સુવિશેષ, રાયરાણા પ્રણમે, ચંદ્રતણી જીહાંરેખ. તિહાં ચંદ્ર વિમાને સાશ્વતા જીનવર જેહ; હું બીજતણે દિન, પ્રણમું આણી નેહ.

अथ जिन नव अंगी पूजाना दूहा.

અંગુઠે—જળ ભરી સંપુટ પત્રમાં, યુગલીક નર પુજંત;
રિખવ ચરણ અંગુઠડો, દાયક ભવજળ અંત. ૧
ઢીંચણે—જાનુ બળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ;
ખડાં ખડાં કેવળ લહ્યું, પુજો જાનું નરેશ. ૨
કાંડે—લોકાંતિક વચને કરી, વરસ્યા વરશી દાન;
કરકાંડે પ્રભુ પુજના, પુજો ભવિ બહુ માન. ૩
ખભે—માન ગયું દોય અંસથી, દેખી વીર્ય અનંત;
ભુજા બળે ભવજળ તરયા, પુજો ખંધ મહંત. ૪
મસ્તકે—સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;
વસિયા તેણે કારણ ભવી, સિદ્ધ શીખા પુજંત. ૫
કપાળે—તિર્થંકર પદ પુન્યથી, ત્રિભુવન જન શેવંત;
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાળ તિલક જયવંત. ૬
કંઠે—સોળ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વરતુલ;
મધુર ધ્વની સુરનર સુણે, તિણે ગળે તિલક અમુલ. ૭
હૃદયે—હૃદય કમળ ઉપસમ બળે, બાળ્યા રાગને રોષ;
હેમ દેહુ વન ખંડને, હૃદય તિલક સંતોષ. ૮
નાભિ—રત્નત્રઇ ગુણ ઉજળી, સકળ સુગુણ વિસરામ;
નાભિ કમળની પુજના, કરતાં અવિચળ ધામ. ૯
હાથજોડીને—ઉપદેશક નવતત્વના, તિણે નવ અંગ જીણંદ;
પુજો બહુ વિધ રાગશું, કહે શુભ વીર મુણંદ. ૧૦

अथ शांती जिननी आरती.

જય જય આરતી શાંતિ તુમારી,
તોરા ચરણ કમળકી મેં જાઉ બલિહારી. જ૦૧
વિશ્વસેન અચિરાજીકે નંદા, શાંતિનાથ મુખ પુનમચંદા. જ૦૨
ચાલીસધનુષ્યસોવનમયકાયા, મૃગલંછન પ્રભુચરણસુહાયા. જ૦૩
ચક્રવર્તી પ્રભુ પાંચમા સોહે, સોળમા જિનવરજગસહુ મોહે. જ૦૪
મંગળ આરતી તોરી કીજે, જન્મ જન્મનો લાહો લીજે. જ૦૫
કરજોડી સેવક ગુણ ગાવે, સો નર નારી અમરપદ પાવે. જ૦૬

अथ मंगळ चार.

ચારો મંગળ ચાર આજ મહારે ચારો મંગળ ચાર;
દેખ્યો દરસ સરસ જીનજીકો, સોભા સુંદર સાર. આજ૦૧
છિનું છિનું છિનું મન મોહન ચરચો, ઘસી કેસર ઘનસાર. આજ૦૨
વિવિધ જાતીકે પુષ્પ મંગાવો, મોઘર લાલ ગુલાલ. આજ૦૩
ધુપ ઉખેવોને કરો આરતી, મુખ બોલો જયકાર. આજ૦૪
હર્ષ ધરી આદીશ્વર પુજો, ચૌમુખ પ્રતિમા ચાર. આજ૦૫
હૈયે ધરી ભાવ ભાવના ભાવો, જિમ પામો ભવ પાર. આજ૦૬
સકળચંદ સેવક જિનજીકો, આનંદઘન ઉપગાર. આજ૦૭

ओच्छव.

ઓચ્છવ રંગ વધામણાં, પ્રભુ પાસને નામે;
કલ્યાણક ઓચ્છવ કીયો, ચડતે પરીણામે.
સતવર્ષ આયુ જીવીને, અક્ષય સુખ સ્વામી;
તુમ પદ સેવા ભક્તિમાં, નહીં રાખું ખામી.
સાચીરે ભક્તિ સાહેબા, રીઝો એક વેળા;
શ્રી સુભવિર હોવે સદા, મન વંછીત મેળા.